RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 342* Date: 09.10.2022, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ચૂંટણી પહેલા ગુજરાતમાં પોસ્ટર વોર

**કેજરીવાલના પ્રધાન બેકફૂટ પર,હાથ જોડીને માફી માગુ છું અને દરેક દેવી દેવતાનું સન્માન કરૂ છું**

**ગુજરાતમાં હિન્દુ દેવતાને ભગવાન માનીશ નહીં'ના પોસ્ટર લાગ્યા**

અમદાવાદ,તા.૮

આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજે વડોદરા આવ્યા છે ત્યારે ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા પોસ્ટર વોર શરૂ થઈ ગયું છે. રાજ્યભરમાં આમ આદમી પાર્ટી વિરોધી બેનરો લાગ્યા છે. ગઈકાલે દિલ્હીના મંત્રી રાજેન્દ્ર પાલનો ધર્માંતરણનો વીડિયો વાયરલ થયો હતો. જેના બાદ 'હિન્દુ દેવતાને ભગવાન માનીશ નહીં' નું પોસ્ટરમાં લખાણ સાથેના બેનર્સે ગુજરાતમાં ચર્ચા જગાવી છે.

ગાંધીનગર-અમદાવાદ હાઈવે, રાજકોટ સહિત ગુજરાતના અનેક સ્થળો પર આમ આદમી પાર્ટી વિરોધી બેનર્સ લાગ્યા છે. રાજકોટ અને વડોદરામાં પણ બેનરો લાગ્યા છે. જેમાં 'હિન્દુ દેવતાને ભગવાન માનીશ નહીં'નું પોસ્ટરમાં લખાણ લખાયું છે. ગઈકાલે દિલ્હીના મંત્રીનો રાજેન્દ્ર ગૌતમની હાજરીમાં સામૂહિક ધર્માંતરણની ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ ગુજરાતમાં તેનો રોષ જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં આમ આદમી પાર્ટી વિરોધી બેનરો લાગ્યા છે.

આ બેનર્સમાં આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને ટોપી પહેરાવી બેનરમાં ફોટો છાપ્યો છે. તો





અરવિંદ કેજરીવાલના ફોટા સાથેના બેનરમાં 'હું બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, રામ, કૃષ્ણને ભગવાન માનીશ નહિ' તેવું લખવામાં આવ્યું છે. આ ઉપરાંત 'આ છે આમ આદમી પાર્ટીના શબ્દો અને સંસ્કાર' તેવું પણ કેટલાક બેનરમાં લખવામાં આવ્યું છે. આમ, ગુજરાતમાં એકતરફ આપના જોરશોરના ચૂંટણી પ્રચાર વચ્ચે બેનર-પોસ્ટર યુદ્ધ શરૂ થયું છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે દિલ્હીમાં આમ આદમી પાર્ટીના સમાજ કલ્યાણ મંત્રી રાજેન્દ્ર ગૌતમની હાજરીમાં સામૂહિક ધર્માંતરણની ઘટના સામે આવી હતી. સામૂહિક ધર્માંતરણ દરમિયાન કેબિનેટ મંત્રીએ હાજરી આપતા વિવાદ થયો છે. રાજેન્દ્ર ગૌતમે સામૂહિક ધર્માંતરણ કાર્યક્રમમાં સનાતન ધર્મ અને હિન્દુ દેવી દેવતાઓની નિંદા પણ કરી હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. મળતી માહિતી મુજબ બુધવારે વિજયાદશમીના દિવસે કરોલબાગમાં રાની ઝાંસી રોડ પર આવેલા આંબેડકર ભવનમાં રાજેન્દ્ર ગૌતમની હાજરીમાં એક કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન કેટલાક લોકોએ બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી હતી અને તેમણે શપથ લીધા હતા કે, તેઓ હિન્દુ દેવી-દેવતાઓની પૂજા નહી કરે. ત્યારે દિલ્હીની આ ઘટનાથી આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રચારને મોટો ફટકો પડી શકે છે.

જો કે દિલ્હી સરકારના સમાજ કલ્યાણ મંત્રી રાજેન્દ્ર પાલ ગૌતમના હિંદુ દેવી-દેવતાઓ પરના નિવેદન બાદ આપની ભારે નિંદા થઈ રહી છે. સીએમ કેજરીવાલે નારાજગી વ્યક્ત કર્યા બાદ તેમના મંત્રી રાજેન્દ્ર ગૌતમે માફી માંગી છે. આપ નેતા અને અરવિંદ કેજરીવાલ સરકારમાં મંત્રી રાજેન્દ્ર પાલ ગૌતમે કહ્યું કે આજે મેં મીડિયામાં જોયું કે બીજેપી મારા વિશે કેટલીક અફવાઓ ફેલાવી રહી છે. આ અફવાઓથી જે લોકોને દુઃખ થયું છે તેમની હું હાથ જોડીને માફી માંગુ છું. તમને જણાવી દઈએ કે તેમની હાજરીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં હિંદુ દેવી-દેવતાઓની પૂજા અને તેમનું પાલન ન કરવાને લઈને મંત્રીનું નિવેદન સામે આવ્યું હતું.રાજેન્દ્ર પાલ ગૌતમે એક નિવેદન જારી કરીને પોતાના વાયરલ વીડિયો અને ભાજપના નેતાઓના આરોપોને નકારી કાઢ્યા છે. ગૌતમ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મીડિયામાં જે પણ સમાચાર ચાલી રહ્યા છે તે સ્પષ્ટ છે કે ભાજપ તેમના વિશે કેટલીક અફવાઓ ફેલાવી રહી છે. હું ખૂબ જ ધાર્મિક વ્યક્તિ છું. હું અંગત રીતે તમામ દેવી-દેવતાઓને માન આપું છું અને મારા કાર્યો કે શબ્દોથી દેવી-દેવતાઓનું અપમાન કરવાનું સ્વપ્ન પણ ક્યારેય જોઈ શકતો નથી. મેં કોઈની શ્રદ્ધા પ્રત્યે એક પણ શબ્દ નથી કહ્યું, હું દરેકની આસ્થાનું સન્માન કરું છું. મારા ભાષણમાં મેં શિક્ષણ, આરોગ્ય, રોજગાર, મોંઘવારી અને સામાજિક સમાનતા પર વાત કરી હતી. પરંતુ ભાજપના લોકો મારા વિશે ખોટી અફવાઓ ફેલાવી રહ્યા છે. ભાજપના લોકોના આ કૃત્યથી મને ઘણું દુઃખ થયું છે અને ભાજપના આ પ્રચારને કારણે જે લોકોને કોઈ પણ રીતે દુઃખ થયું છે તે તમામ લોકોની હું હાથ જોડીને માફી માંગુ છું.જોકે આ બેનર કોણે લગાવ્યાં એ અંગેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી, પણ ચૂંટણી સમયે આ પ્રકારનાં બેનર લાગતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે, જોકે રાજકોટમાં આપના કાર્યકર્તાઓ દ્વારા આ બેનર હટાવવામાં આવ્યાં હતાં.આ મામલે રાજકોટ આપના નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરુએ મીડિયાને જણાવ્યું હતું કે હું પણ હિન્દુ છું અને કેજરીવાલ પણ હિન્દુ છે અમને હિન્દુ હોવાનો ગર્વ છે પરંતુ હિન્દુત્વના નામે આ પ્રકારની રાજનીતિ ન કરવી જોઈએ. અમે લોકો ગુજરાતમાં વિકાસના કામો કરવા જઈ રહ્યા છીએ એટલે અમારો આ પ્રકારે ખોટી રીતે વિરોધ થઈ રહ્યો છે બેનર લગાવીને ભાજપ શું સાબિત કરવા માંગે છે એ ખબર નથી પડતી.

## મદરેસાઓનો સર્વે પૂર્ણ, ૨૫ ઓક્ટોબરે સરકારને ૧૧ પોઈન્ટનો રિપોર્ટ સુપરત કરવામાં આવશે



**સરકાર દ્વારા માંગવામાં આવેલા આ ૧૧-પોઈન્ટના સર્વે રિપોર્ટમાં મદરેસાઓના શિક્ષણ અભ્યાસક્રમ, વિદ્યાર્થીઓની સંખ્યા, તેમની વર્તમાન સ્થિતિ અને આવકની વિગતો શામેલ છે.**

યોગી આદિત્યનાથ સરકાર ઉત્તર પ્રદેશની સરકારી મદરેસાઓને લઈને સતત ગંભીર છે. આ પ્રકરણમાં રાજ્યની યોગી સરકારે મદરેસાઓનો સર્વે કર્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે ૫ ઓક્ટોબરે પૂરા થયેલા સર્વેનો રિપોર્ટ ત્રણ દિવસ પછી એટલે કે ૧૦ ઓક્ટોબરે જિલ્લા અધિકારીઓને અને પછી ૨૫ ઓક્ટોબરે યુપી સરકારને સોંપવામાં આવશે.

સરકાર દ્વારા માંગવામાં આવેલા આ ૧૧-પોઈન્ટના સર્વે રિપોર્ટમાં મદરેસાઓના શિક્ષણ અભ્યાસક્રમ, વિદ્યાર્થીઓની સંખ્યા, તેમની વર્તમાન સ્થિતિ અને આવકની વિગતો શામેલ છે. જયારે બીજી તરફ મુસ્લિમ ધર્મગુરુઓએ રિપોર્ટમાં પારદર્શિતાની માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ વિપક્ષી પાર્ટીઓ અને મુસ્લિમ ધાર્મિક નેતાઓએ ઉત્તર પ્રદેશની મદરેસાઓને લઈને સવાલો ઉઠાવ્યા હતા. જે બાદ યુપીની યોગી સરકારે મદરેસાઓના કલ્યાણની વાત કરીને સર્વે શરૂ કર્યો. જેનો રિપોર્ટ ટૂંક સમયમાં સરકાર સમક્ષ મૂકવામાં આવશે. હાલમાં રાજ્યના મદરેસાઓ અંગે સરકારે દાવો કર્યો છે કે સર્વેમાં અમાન્ય મદરેસાઓની માહિતી મળતા જ તેની સ્થિતિ પર વિચાર કરવામાં આવશે અને તેને યોજનાઓ સાથે જોડવામાં આવશે.

યોગી સરકાર સતત મદરેસાઓને પ્રાથમિકતામાં લઈ રહી છે. મદરેસામાં વિદ્યાર્થીઓના શિક્ષણ પર પણ સતત ધ્યાન આપવામાં આવે છે. યુપી સરકારે તાજેતરમાં મદરેસાઓના ટાઈમ ટેબલમાં ફેરફાર કર્યો હતો. જે અંતર્ગત મદરેસામાં છ કલાક અભ્યાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સાથે જ મુસ્લિમ ધર્મગુરુઓએ પણ સરકારના આ નિર્ણયની પ્રશંસા કરી હતી. મદરેસાઓના ટાઈમ ટેબલમાં એક કલાકનો વધારો થવાથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર વધુ ધ્યાન આપવામાં આવશે, આને ધ્યાનમાં રાખીને સરકારે ફેરફારો કર્યા છે. ઉત્તર પ્રદેશ મદરેસા એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ટાઈમ ટેબલ મુજબ, રાજ્યમાં ૧૪,૫૧૩ માન્ય મદરેસાઓ છે. જો કે હજુ સુધી માન્યતા વિનાના મદરેસાઓના આંકડા જાહેર થયા નથી.

## યવતમાલથી મુંબઈ જઈ રહેલી બસ વહેલી સવારે આગની જ્વાળાઓમાં લપેટાઈ : ૧૧ના મોત

**મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ દુઃખ જતાવ્યું છે. તેમણે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિજનો માટે ૫ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી**

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના નાસિકમાં ગોઝારો અકસ્માત થયો. એક બસ આગની ભીષણ જ્વાળાઓમાં લપેટાઈ જતા ૧૧ લોકો જીવતા ભૂંજાયા. આ અકસ્માતમાં કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. અકસ્માતની જાણ થતા જ પોલીસ અને ફાયરની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને આગ પર ખુબ જદ્દોજહેમત બાદ કાબૂ મેળવી શકાયો. આગ લાગવાના કારણની હજુ જાણકારી મળી શકી નથી. મળતી માહિતી મુજબ ખાનગી ઓપરેટરની આ બસ યવતમાલથી મુંબઈ તરફ જઈ રહી હતી ત્યારે અકસ્માત થયો. વહેલી સવારે સાડા



પાંચ વાગ્યાની આસપાસ આ બસ ઔરંગાબાદના કૈલાશનગર વિસ્તારમાં પહોંચી ત્યારે અચાનક તેમાં આગ લાગી ગઈ. અકસ્માત સમયે મોટાભાગના મુસાફરો સૂઈ રહ્યા હતા. આ કારણે જાનમાલનું નુકસાન વધુ થયું છે. એવું કહેવાઈ રહ્યું છે કે એમ્બ્યુલન્સ સમયસર ન પહોંચવાના કારણે મૃતદેહોને સિટી બસમાં રાખવા પડ્યા. ઘટના બાદ ઘટનાસ્થળે લોકોની ભીડ ભેગી થઈ અને ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ બની ગયો. પોલીસની ટીમો અકસ્માતના કારણની ભાળ મેળવી રહી છે. જો કે હજુ સુધી કઈ સ્પષ્ટ થઈ શક્યું નથી કે બસમાં આખરે આગ લાગી કેવી રીતે? ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટના બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ દુઃખ જતાવ્યું છે. તેમણે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિજનો માટે ૫ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. આ સાથે જ ઘાયલોની મફત સારવાર કરાવવાની પણ વાત કરી છે. આ ઉપરાંત પીએમએનઆરએફમાંથી પણ મૃતકના પરિજનોને ૨ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયા વળતરની જાહેરાત કરવામાં આવી છે.

## વર્ણ, જાતિ વ્યવસ્થા ભૂતકાળની વાત છે, એને હવે ભૂલી જવી જોઈએ: આરએસએસ પ્રમુખ મોહન ભાગવત

મુંબઈ,તા.૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે કહ્યુ કે સમાજના હિતમાં વિચારનારા બધા લોકોને એ જણાવવુ જોઈએ કે વર્ણ અને જાતિ વ્યવસ્થા ભૂતકાળની વાત છે. શુક્રવારે મોહન ભાગવતે નાગપુરમાં એક પુસ્તક વિમોચન સમારંભને સંબોધિત કરીને કહ્યુ, 'આપણે હવે વર્ણ અને જાતિની અવધારણાઓને ભૂલી જવી જોઈએ... આજે જો કોઈ આના વિશે પૂછે, તો સમાજના હિતમાં વિચારનારા બધાએ જણાવવુ જોઈએ કે વર્ણ, જાતિ વ્યવસ્થા ભૂતકાળની વાત છે અને આવા ભૂતકાળને ભૂલાવી દેવો જોઈએ.'

આ પહેલા મોહન ભાગવતે કહ્યુ હતુ કે લઘુમતીઓને જોખમમાં મૂકવા ના તો સંઘનો સ્વભાવ અને ના હિંદુઓનો. મોહન ભાગવતનો આ જવાબ કોંગ્રેસ અને વિપક્ષી દળો માટે હતો. કોંગ્રેસ અને વિપક્ષી દળે આરએસએસ પર સમાજને વિભાજિત કરવા અને લોકોને એકબીજા સામે ભડકાવવાની કોશિશ કરવાનો આરોપ લગાવ્યો છે. વિજયાદશમીના પર્વ પર મોહન ભાગવતે કહ્યુ હતુ, 'લઘુમતીઓ વચ્ચે એ ડર પેદા કરવામાં આવે છે કે આપણને(સંઘ) અથવા હિંદુઓથી જોખમ છે, આવુ પહેલા ક્યારેય નથી થયુ અને ના ભવિષ્યમાં થશે. લઘુમતીઓને જોખમમાં મૂકવા એ ના તો સંઘનો સ્વભાવ છે અને ના હિંદુઓનો.' 'હિંદુ સમાજ કોઈનો વિરોધી નથી' 'ભારતમાં રહેનાર સહુ કોઈ હિંદુ છે...', મોહન ભાગવતે વધુમાં કહ્યુ હતુ, 'નફરત ફેલાવનારા, અન્યાય અને અત્યાચાર કરનારા અને સમાજ પ્રત્યે ગુંડાગિરી-ગુનાના કૃત્યો કરનારા સામે આત્મરક્ષા અને આપણી ખુદની રક્ષા સહુ કોઈ માટે એક ફરજ બની જાય છે.

### કોંગ્રેસ અધ્યક્ષ પદના બંને ઉમેદવારો લાયક છે, તેમને રિમોટ કંટ્રોલ કહેવું અપમાનજનક છેઃ રાહુલ ગાંધીનો ભાજપને જવાબ

નવીદિલ્હી,તા.૮

ભારત જોડો યાત્રા વચ્ચે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે ભાજપ પર જોરદાર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીમાં ઉમેદવારોને રિમોટ કંટ્રોલ કહેવા પર રાહુલ ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણી પછી પણ પાર્ટી પર ગાંધી પરિવારના વર્ચસ્વની આશંકાઓ વચ્ચે, રાહુલ ગાંધીએ કહ્યું કે બેમાંથી કોઈ પણ ઉમેદવારને રિમોટ નિયંત્રિત કરી શકતા નથી.

કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી માટે મલ્લિકાર્જુન ખડગે અને શશિ થરૂરની ઉમેદવારી પર રાહુલ ગાંધીએ કહ્યું કે તેઓ મજબૂત અને સારી રીતે બોલનાર લોકો છે. 'ભારત જોડો' યાત્રામાં હું એકલો નથી, લાખો લોકો સામેલ છે કારણ કે તેઓ બેરોજગારી, મોંઘવારી અને અસમાનતાથી કંટાળી ગયા છે. નફરત અને હિંસા ફેલાવવી એ દેશ વિરોધી કૃત્ય છે, તેમાં જે પણ સામેલ હશે તેની સામે અમે લડીશું.

કોંગ્રેસ પીએફઆઈને સમર્થન આપી રહી છે તેવા ભાજપના આરોપો પર રાહુલ ગાંધીએ કહ્યું કે નફરત ફેલાવનારા લોકો કોણ છે અને કયા સમુદાયમાંથી આવે છે તેનાથી કોઈ ફરક પડતો નથી. નફરત અને હિંસા ફેલાવવી એ દેશ વિરોધી કૃત્ય છે અને અમે દરેક વ્યક્તિ સામે લડીશું જે નફરત ફેલાવશે.

## નોઇડા ૧.૨૫ લાખ વાહન રડાર પર,હવે જુની વાહનો ચાલી શકશે નહીં

લખનૌ,તા.૮

ઉત્તરપ્રદેશ સરકારે ગૌતમ બુધ્ધનગર(નોઈડા)માં રજિસ્ટર્ડ ૧.૨૫ લાખથી વધુ વાહન હટાવવાનો નિર્ણય કર્યો છે.આ નિર્ણય નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા દિલ્હીમાં વધી રહેલ પ્રદુષણના વધતા સ્તરને જોતા ૧૦થી ૧૫ વર્ષ જુના વાહનોને દિલ્હી એનસીઆરના વિસ્તારમાંથી હટાવવાના આદેશ બાદ લેવામાં આવ્યો છે.

ગૌતમબુધ્ધનગર જીલ્લા પરિવહન વિભાગે આવા વાહનોને હટાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.જુના વાહનોના માલિકોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે.સહાયક ક્ષેત્રીય પરિવહન અધિકારી (એઆરટીઓ) સિયારામ વર્માના જણાવ્યા અનુસાર આ વાહનોને રદ કરવામાં આવશે અથવા તો તેનો અન્ય કયાંક ઉપયોગ માટે એનઓસી જારી કરવામાં આવશે જો કે આ એનઓસી એજ પસંદગીના જીલ્લા માટે હશે જે એનસીઆર અંતર્ગત આવતા નથી

પોલીસ કમિશ્નર ( ટ્રાફીક) ગણેશ સાહાએ કહ્યું કે પોલીસ વિભાગ પણ માર્ગો પર ચાલી રહેલ આવા વાહનોને પસંદ કરી તેમના માલિકોની વિરૂધ્ધ કાર્યવાહી કરી રહ્યું છે.ઉત્તરપ્રદેશ સરકારના આદેશ અનુસાર આ વાહનોને સંબંધિત ક્ષેત્રીય પરિવહન કાર્યાલયો એનઓસી જારી થયા બાદ સારા વાયુ ગુણવત્તાવાળા ૩૪ જીલ્લામાં ટ્રાંસફર કરી શકાય છે.

પરિવહન વિભાગના આંકડા અનુસાર ગૌતમબુધ્ધનગરમાં એક ઓકટોબરે ૯૪,૨૯૯ ડીઝલ અને ૭,૩૧,૮૧૧ પેટ્રોલ સહિત ૮,૨૬,૧૧૦ રજિસ્ટર્ડ વાહન હતાં તેમાંથી કુલ ૧,૩૪,૦૭૩ વાહનોને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના નિયમો અને રાજય સરકારના આદેશ બાદ ચલાવવાની મંજુરી હશે નહીં તેમાં ૨૫,૨૩૮ ડીઝલ અને ૧,૦૮,૮૩૫ પેટ્રોલથી ચાલનારા વાહન સામેલ છે.

એનસીઆરથી જુના વાહનોને હટાવવા પર ગ્રીન ટ્રિબ્યુનલના ૨૦૧૬ના દિશાનિર્દેશને જોતા ઉત્તરપ્રદેશ સરકારે કહ્યું કે જુના વાહનોને ડીરજિસ્ટર કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

## તંત્રી સ્થાનેથી...

# ઓછો ખર્ચ ચિંતાજનક

હાલના નાણાંકીય વર્ષના બજેટમાં ફાળવાયેલા નાણાંને કેન્દ્રીય મંત્રાલયોએ સંપૂર્ણ રીતે ખર્ચ નથી કર્યાં. તેનું મુખ્ય કારણ એ છે કે કેન્દ્ર સરકાર દ્વારા સમર્થિત યોજનાઓ માટે જ`ધન રાજ્યોને આપવામાં આવ્યું હતું, તેને યોગ્ય રીતે ખર્ચ નથી કરી શકાયું. હવે આ ધન, જે ૮૦ હજાર કરોડ રૂપિયા સુધી હોઈ શકે છે, તે પાછા કેન્દ્ર સરકારના રાજકોષમાં ચાલ્યા જશે. વિભિન્ન કલ્યાણકારી યોજનાઓ પર જે વધારાનો ખર્ચ કેન્દ્ર સરકારે કર્યો છે, તેની કેટલીક ભરપાઈ આ ધનથી થઈ શકશે. એક તરફ જ્યાં આ કેન્દ્ર સરકાર માટે કંઈક રાહતની વાત છે, ત્યાં જ તેનાથી એ ચિંતાજનક સંકેત પણ મળે છે કે યોજનાઓનું માળખું બનાવવા તથા યોગ્ય ધન મેળવ્યા બાદ પણ મંત્રાલય અને સરકારો ખર્ચ કરવામાં અસમર્થતા દેખાડે છે. તેનો સીધો અર્થ એ છે કે કેટલીય યોજનાઓને સાકાર નહીં કરી શકાય. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલયને ૧૦૬૬૭ કરોડ રૂપિયા મળ્યા હતા, પરંતુ ઓગસ્ટ સુધી આ રકમના ફક્ત ચાર ટકા જ ખર્ચ થઈ શક્યા છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે માત્ર પાંચ ટકા, દવા મંત્રાલયે માત્ર સાત ટકા, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે માત્ર છ ટકા જ ધનનો ખર્ચ કર્યો છે.

શિક્ષણ મંત્રાલયનો આંકડો ૧૯ ટકાનો છે. કેટલાક અન્ય મંત્રાલયોના આવા જ હાલ છે. કુલ મળીને કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૩ના બજેટ ફાળવણીના ૩૫.૨ ટકા જ ખર્ચ કર્યો છે, જ્યારે ગયા વર્ષે આ જ અવધિમાં આ આંકડો ૩૬.૭ ટકા હતો. અનેક રાજ્યો દ્વારા કેન્દ્રીય ફાળવણી પરત કરવાનો મામલો જૂનો છે, પરંતુ આ પ્રવૃત્તિ પર રોક લગાવવી જોઈએ તથા જવાબદારી સુનિશ્ચિત કરવી જોઈએ. કેન્દ્ર સરકારના મંત્રાલયોએ પણ બેહદ મામૂલી ખર્ચનું સ્પષ્ટીકરણ આપવું જોઈએ. નાણાં મંત્રાલયે કહ્યું કે સરકાર ઓક્ટોબરથી માર્ચ વચ્ચે એટલે કે ચાલુ નાણાંકીય વર્ષની બીજી ત્રિમાસિકમાં કુલ ૫.૯૨ લાખ કરોડ રૂપિયાની ઉધારી લેશે. આ પ્રકારના ઉધાર પર વ્યાજ પણ આપવાનું હોય છે અને વ્યાજ દરો વધી પણ રહ્યા છે. એવામાં જો ફાળવાયેલ રકમ ખર્ચ ન થાય તો તેનું બેવડું નુક્સાન થાય છે. એક તરફ વિકાસ અને કલ્યાણ યોજનાઓ પ્રભાવિત થાય છે તો બીજી તરફ વધુ વ્યાજ આપવું પડે છે. અત્યંત આવશ્યક કલ્યાણકારી યોજનાઓ માટે ભારત સરકારે ઘણો વધારે ખર્ચ કરવો પડી રહ્યો છે. તેને ધ્યાનમાં રાખતાં કેટલાક અન્ય ખર્ચામાં કપાતની સ્થિતિ પણ પેદા થઈ શકે છે. સામાન્ય રીતે કપાત પાછલા વર્ષના ખર્ચના હિસાબને જોઈને થાય છે. જે રાજ્યો અને મંત્રાલયો દ્વારા ખર્ચની ગતિ ધીમી કે સુસ્ત છે, તેમને કપાતનું નુક્સાન ભોગવવું પડી શકે છે.

### શિવસેનાનું ચૂંટણી ચિહ્ન – ફ્રીઝ થઇ શકે

## વિધાનસભા પેટાચૂંટણી પહેલા એકનાથ શિંદેએ શિવસેનાના ચૂંટણી ચિન્હ 'ધનુષ અને તીર' પર પોતાનો દાવો કર્યો છે

મુંબઇ,તા.૮

મહારાષ્ટ્રમાં શિવસેના પર સત્તા અંગે એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેના પોતાના દાવા છે. અંધેરી પૂર્વ વિધાનસભા પેટાચૂંટણી પહેલા એકનાથ શિંદે જૂથે શિવસેનાના ચૂંટણી ચિન્હ 'ધનુષ અને તીર' પર દાવો કર્યો છે. તે જ સમયે, ચૂંટણી પંચે ઉદ્ધવ ઠાકરેને તેમનો પક્ષ રજૂ કરવા માટે આવતીકાલે બપોરે ૨ વાગ્યા સુધીનો સમય આપ્યો છે.

મહારાષ્ટ્રમાં શિવસેના પર સત્તા અંગે એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેના પોતાના દાવા છે. અંધેરી પૂર્વ વિધાનસભા પેટાચૂંટણી પહેલા એકનાથ શિંદે જૂથે શિવસેનાના ચૂંટણી ચિન્હ 'ધનુષ અને તીર' પર દાવો કર્યો છે.

આ માટે શુક્રવારે શિંદે જૂથ ચૂંટણી પંચને મળ્યો હતો. શિંદેએ અરજીમાં ધનુષ અને તીરની ફાળવણીની માંગણી કરી છે. તે જ સમયે, ચૂંટણી પંચે ઉદ્ધવ ઠાકરેને આ મામલે પોતાનો પક્ષ રજૂ કરવા માટે આવતીકાલે બપોરે ૨ વાગ્યા સુધીનો સમય આપ્યો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જો આવતીકાલે બપોર સુધી તમારા તરફથી કોઈ જવાબ નહીં મળે તો આયોગ આ મામલે યોગ્ય કાર્યવાહી કરશે.

ચૂંટણી પંચે બંને પક્ષોને ૭ ઓક્ટોબર સુધીમાં દસ્તાવેજો જમા કરાવવા કહ્યું હતું. પરંતુ ઉદ્ધવ ઠાકરે જૂથે તેના દસ્તાવેજો રજૂ કર્યા ન હતા. ચૂંટણી પંચ દ્વારા ઉદ્ધવ ઠાકરેને એક પત્ર જારી કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે એકનાથ શિંદેએ માંગ કરી છે કે પાર્ટીનું ચૂંટણી ચિહ્ન શિંદે જૂથને ફાળવવામાં આવે.

આ સંબંધની એક નકલ તમને ઈમેલ દ્વારા પહેલેથી જ આપવામાં આવી છે. પરંતુ હજુ સુધી તમારા તરફથી કોઈ જવાબ મળ્યો નથી. તે જ સમયે, અંધેરી પૂર્વ વિધાનસભા ક્ષેત્રમાં યોજાનારી પેટાચૂંટણી માટે પણ નામાંકન ભરવાના છે. ચૂંટણી પંચે ઉદ્ધવ ઠાકરેને કહ્યું છે કે તમારા દસ્તાવેજો રજૂ કરી શકો છો. એવું પણ કહેવામાં આવ્યું છે કે જો તમારી તરફથી કોઈ જવાબ નહીં મળે તો આયોગ આ મામલે યોગ્ય કાર્યવાહી કરશે.

ઠાકરે જૂથે ૪ ઓક્ટોબરે મોકલેલી ૧૭ પાનાની અરજીમાં દાવો કર્યો હતો કે તેમનો પક્ષ પર સંપૂર્ણ નિયંત્રણ છે. કેટલાક બળવાખોરોએ પાર્ટીમાં અલગ જૂથો બનાવ્યા છે, પરંતુ શિવસેનાના નામ, નિશાન, વહીવટ અને સંચાલન પર તેમનો અંકુશ છે. તેથી ચૂંટણી ચિન્હ તીર-કમાન્ડ અને પાર્ટીના મૂળ નામ પર તેમનો અંકુશ છે. તે બીજા કોઈને આપવી જોઈએ નહીં.

શિવસેના અલગ થયા બાદ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે સતત એકબીજા પર નિશાન સાધી રહ્યા છે.

૫ ઓક્ટોબરે યોજાયેલી દશેરા રેલીમાં બંને નેતાઓએ એકબીજા પર જોરદાર જવાબી તીર છોડ્યા હતા. આ દરમિયાન ઉદ્ધવે શિંદેને કટપ્પાને કહ્યું. તે જ સમયે, એકનાથ શિંદેએ પણ વળતો પ્રહાર કરતા ઉદ્ધવ ઠાકરે પર કોંગ્રેસ અને એનસીપી સાથે ગઠબંધન કરીને લોકો સાથે વિશ્વાસઘાત કરવાનો આરોપ લગાવ્યો.

રસ છે?
કોણ કોને કોને વશ છે?
કોણ કેટલું પરવશ છે?
પ્રિયતમા દગો દે ત્યારે,
જૂનો કે નવો વિવશ છે?
પરિણામની પરવા કર્યા,
કરેલા બધા કર્મો અવશ છે?
દોડોદોડી ગમે તેટલી કરો,
તમારા હાથમાં કયા જશ છે?
જેટલી ઘોળાય તેટલી ઘોળી,
બળ્યું આ કેરીમાં કયા રસ છે?
ભરત વૈષ્ણવ
૮.૧૦.૨૦૨૨#હાસ્યલેખ

# બોધકથા..લોભ અને અજ્ઞાનતાનું પરીણામ..



એક કુંભારને માટી ખોદતાં અચાનક એક હીરો મળે છે.કુંભાર હીરાને ગધેડાના ગળામાં બાંધે છે.એક દિવસ એક વાણિયાની નજર ગધેડાના ગળામાં બાંધેલ હીરા ઉપર પડે છે.વાણિયો કુંભારને આ હીરાનું મૂલ્ય પુછે છે ત્યારે તેનું મૂલ્ય સવાશેર ગોળ બતાવે છે.વાણિયાએ સવા શેર ગોળ આપીને આ હીરો ખરીદી લે છે.વાણિયાને પણ આ હીરાનું મૂલ્ય ખબર ના હોવાથી ચમકીલો પદાર્થ સમજીને પોતાના ત્રાજવાની ડાંડીએ બાંધી દે છે.

એક દિવસ એક ઝવેરીની નજર વાણિયાના ત્રાજવે બાંધેલ હીરા ઉપર પડે છે ત્યારે વાણિયાને આ હીરાની કિંમત પુછે છે તો વાણિયો હીરાની કિંમત પાંચ બતાવે છે.ઝવેરી કંજૂસ અને લાલચી હતો તેથી હીરાની કિંમત પાંચ રૂપિયા જાણીને સમજી ગયો કે આ વાણિયાને આ કિંમતી હીરાને એક સામાન્ય પત્થરનો ટુકડો સમજે છે.ઝવેરી હીરાનો ભાવતાલ કરે છે અને ચાર રૂપિયામાં આપવા કહે છે ત્યારે વાણિયો ચાર રૂપિયામાં હીરો આપવા તૈયાર થતો નથી.ઝવેરીએ વિચાર્યું કે ઉતાવળ શું છે ! કાલે આવીને હીરો ખરીદી લઇશ અને વાણિયો ચાર રૂપિયામાં આપવા તૈયાર નહી થાય તો પાંચ રૂપિયા આપીને ખરીદી લઇશ.

સંજોગોવશાત બે કલાક બાદ બીજો એક ઝવેરી સામાન ખરીદવા વાણિયાની દુકાને આવે છે. ત્રાજવા ઉપર બાંધેલ હીરાને જોઇને તેને નવાઇ લાગે છે.સામાન ખરીદવાને બદલે તે હીરાની કિંમત પુછે છે.વાણિયાના મોઢે હીરાની કિંમત પાંચ રૂપિયા કહેતાં ઝટ દઇને ખિસ્સામાંથી પાંચ રૂપિયા કાઢી વાણિયાને આપી હીરો લઇને ચાલતો થાય છે.બીજા દિવસે પહેલો આવેલ ઝવેરી આવીને પાંચ રૂપિયા આપીને કહે છે કે તમારા ત્રાજવે બાંધેલ ચમકીલો પદાર્થ મને આપી દો,ત્યારે વાણિયો કહે છે કે ગઇકાલે તમારા ગયા બાદ બીજો એક ઝવેરી આવીને પાંચ રૂપિયા આપીને લઇ ગયો છે.આ સાંભળીને ઝવેરી પોતે ઠગાઇ ગયાનો અહેસાસ થાય છે અને વાણિયાને કહે છે કે હે મૂરખ ! આ કોઇ સાધારણ પત્થર નહોતો પણ એક લાખની કિંમતનો હીરો હતો.વાણિયો કહે છે કે મારાથી મોટા મૂરખ તો તમે છો.મારી દ્રષ્ટિએ તો તે એક સાધારણ પત્થર હતો જેની સવા શેર ગોળ આપીને મેં ખરીદ્યો હતો પરંતુ તમોને તો ખબર હતી કે આની કિંમત એક લાખ રૂપિયા છે છતાં પાંચ રૂપીયા કિંમત તમોને વધારે લાગી અને ખરીદી ના શક્યા.અમારી સાથે પણ ઘણીવાર આવું થાય છે.અમોને હીરા જેવા શુભ ચિંતક મળે છે પરંતુ અજ્ઞાનતાવશ અમે તેમને ઓળખી શકતા નથી અને અમે તેઓની ઉપેક્ષા કરીએ છીએ અને કદાચ ઓળખી શકીએ તો અહંકારના કારણે સ્વીકાર કરી શકતા નથી અને છેલ્લે પશ્ચાતાપ સિવાય કશું મળતું નથી.

લોભથી બુદ્ધિ ચલાયમાન થાય છે.લોભ પાપનો બાપ છે.જેમને ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય અને જેઓ બીજાઓની તમામ શંકાઓનું નિવારણ કરી શકે છે તેવા પુરૂષો પણ લોભમાં પડીને દુઃખ ભોગવે છે.લોભથી જ ક્રોધ થાય છે,લોભથી જ વિષય ભોગની ઈચ્છા થાય છે,લોભથી જ મતિ ભ્રષ્ટ થઈ જાય છે.આમ લોભથી જ સર્વનાશ થાય છે.ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે.લોભ એટલે પોતાની પાસે જે છે તે નહિ ગુમાવવાની ઈચ્છા.

લોભ એટલે લાલસા,લોલુપતા,તૃષ્ણા, વધારે પડતી કરકસર,કંજૂસાઇ અને કૃપણતા.અમારે પણ જીવનમાં કોઇપણ પ્રકારના લોભ-લાલચમાં ફસાયા વિના જીવન જીવવાનું છે. લોભ-મોહ-આસક્તિ અને માન મેળવવાની ઈચ્છા એ સ્થાઇ દોષ છે તે નિરંતર મનમાં રહેલા હોય છે. વિવેક-વૈરાગ્ય અને સત્સંગના દ્વારા તેને દૂર કરી શકાય છે. લોભનો ત્યાગ એ ભક્તિમાર્ગની પગદંડી છે. કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સર.. આ મનમાં નિત્ય રહેવાવાળા શત્રુઓ છે આને જે વશમાં કરી લે છે તે જીતેન્દ્રિય પુરૂષ પાપમાં લિપ્ત થતો નથી.મમતાએ પાપની માતા છે અને લોભએ પાપનો પિતા છે. લોભ એ અનંતકાળનો વ્યાધિ છે. લોભથી બુદ્ધિ ચલાયમાન થાય છે. જેને મમત્વનો ત્યાગ કર્યો છે તથા લોભ અને મોહને છોડી દીધા છે તે કામ-ક્રોધથી રહીત માનવ પરમપદને પ્રાપ્ત કરે છે.

પદ,પ્રતિષ્ઠા અને પૈસાનો લોભ પણ માણસને તેના ધ્યેયમાંથી પથભ્રષ્ટ કરે છે.ભક્તિમાર્ગમાં પદ મળે,પ્રતિષ્ઠા મળે એટલે સાધકો,સદગુરૂના પ્રતિનિધિઓ પોતાની જાતને મહાન સમજી પ્રદર્શન કરવા લાગે છે અને તેમનું પતન થાય છે.મનુષ્યને પોતાના જીવનનો પણ લોભ હોય છે,મૃત્યુનો ભય લાગે છે તેથી સહજતાથી મૃત્યુને સ્વીકારી શકતો નથી તેથી જર્જરીત દેહરૂપી વસ્ત્રને થિંગડાં મારી ટકાવી રાખવા પ્રયત્ન કરે છે.

લોભનો વિરોધી શબ્દ છે સંતોષ..મનુષ્ય પોતાના જીવનમાં મોહ-માયા અને લોભ-લાલચમાં એટલો ડુબી જાય છે કે તેને પરમતત્વની પ્રાપ્તિ થતી નથી.જ્યારે કોઇ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પરમાત્માનું જ્ઞાન પ્રદાન કરે છે ત્યારે સંતોષ આવે છે.સંસારમાં લોભથી તુચ્છ વિનાશકારી તત્વ બીજું કોઇ નથી,તમામ અનર્થોનું મૂળ લોભ છે, લોભથી મનુષ્યની બુદ્ધિ અને વિવેક નાશ પામે છે તેથી તે પાપકર્મમાં પ્રવૃત્ત થાય છે.ગીતામાં કામ,ક્રોધ અને લોભને નરકના દ્વાર કહ્યા છે.લોભના મોહમાં માનવને સારા નરસાનું ભાન રહેતું નથી તેથી તે ન કરવાના કાર્યો કરી બેસે છે.લોભ સમાન કોઇ દુઃખ નથી અને ત્યાગ સમાન કોઇ સુખ નથી. પ્રારબ્ધ અનુસાર જે કંઇ મળ્યું છે તેમાં સંતોષ માની જીવન જીવવું પણ લોભ ન રાખવો.

લોભ જેમ જેમ વધે તેમ તેમ ભોગ વધે છે.ભોગ વધે તેમ પાપ વધે છે.જ્યારથી લોકો એમ માનવા લાગ્યા કે કેવળ પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે.પૈસાથી થોડી સગવડતા મળે છે પણ શાંતિ મળતી નથી.શાંતિ સંતોષથી મળે છે.આ પૃથ્વીની બધી જ સંપત્તિ અને ભોગસામગ્રી કોઈ એક જ વ્યક્તિને આપવામાં આવે તો પણ તેને શાંતિ મળશે નહિ.લોભ સંતોષથી મરે છે.પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ હશે તો લોભ મરશે.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# બિલ્ડરોને વધુ છંછેડશો તો તે યુક્રેન જતા રહેશે. ત્યાં બિલ્ડંગના ધંધામાં પાંચેય આંગળીયું ઘીમાં રહેવાની છે!!

ચૂંટણીના સમયમાં નામી-અનામી પાર્ટીઓ ચૂંટણી ઢંઢેરો બહાર પાડે છે. શરૂઆતના સમયમાં લોકો તે વાંચતા પણ નહીં. કોઇ પણ જાતની હોહા વિના સ્ટેજ પર નેતાઓ ઓડિયન્સ( જો હોય તો?) એક બુક દેખાડતા. માનો કલ્પવૃક્ષ હોય અને તમારી તમામ છચ્છા , મહેચ્છા, કામના, મનોકામના પૂરી ન થવાની હોય. અલાઉદીનના જાદુઈ ચિરાગ જેવું. ચિરાગ ઘસો એટલે પહેલવાન સરખો અડદવર્ણો જીન પ્રગટ થાય. તમારી છચ્છા જણાવો એટલે હુકમ મેરે આકા કહીને અલોપ થાય!! પછી પાંચ વરસે પાછો મતો લેવા પ્રગટ થાય. કેટલાક તો સ્મૃતિભ્રંશથી પીડાતા હોય એટલે જીવનો ચહેરો ભૂલી જાય. જીન આધારકાર્ડ અને પેન જેના દસ્તાવેજો દેખાડે એટલે આપણને થાય કે આ જ શખ્સ છેલ્લાં પાંચ વરસથી આપણને મામા, કાકા , ફૂઆ બનાવે છે. ટુંકમાં આ ફેઇક જીન નથી પાર્ટી સર્ટિફાઇડ આઇએસઓ-૨૦૨૨ જીન છે!!!

ચૂંટણી ઢંઢેરો એટલે શું? ચાંદ તારા તોડવાનો વાયદો. નદી ન હોય ત્યાં પુલ બાંધવાનો જાસો. રેતીમાં ક્રૂઝ ચલાવવાનો વાયદો. ભર બપોરે કે મધરાતે મેઘધનુષ દેખાડવાનો ઉપક્રમ!! કુંવારાને અગિયાર પુત્રોની ઇલેવન આપવાનો તકલાદી નિર્ધાર.ટુકમાં ચૂંટણી ઢંઢેરો મિડાસ ટચ છે. જેને અડકે તે ગુલાબી ગપ્પા થઇ જાય.

આપણા આદિ કવિ નરસિંહ મહેતા કહી ગયા છે. અલબત, ચૂંટણી ઢંઢેરા માટે જ કહી ગયા છે બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે. વધુમાં કહે છે નામરૂપ જુજવાં અંતે તો હેમનું હેમ હોય.ચૂંટણી ઢંઢેરાનું પણ હરિ તારા નામ છે હજાર કયાં નામે લખવી કંકોતરી. સતયુગમાં ચૂંટણી ઢંઢેરો કયાં નામે ઓળખાતો હશે તે જાણમાં નથી. પણ આ જગતમાં તે સંકલ્પપત્ર સ્વરૂપે વિદ્યમાન હોય છે. કોંઇ તેને વિજય પત્ર કહે છે.કોઇ લોકાજ્ઞાપત્રિકા કહે છે. કોઇ તેને પ્રોજકટ કે પ્રોડકટની જેમ ગેરેંટીકાર્ડ કહે છે. વ્યાપાર જગતમાં તેનાથી ઉલ્ટી સ્થિતિ હોય છે. કંપનીઓ ગેરેંટી શબ્દથી ઉપસ્થિત થતી કાનૂની લફરાબાજીથી દાઝેલા હોય છે. એટલે પ્રોડકટને વિશ્વમોહિની જેવું છદ્મ અને રૂપકડું એવું વોરંટી એવું નામાભિધાન કરે છે!!!ટુંકમાં સર્વિસ આફટર સેલ્સ જેવી પરિ-



પરીક્લ્પના છે!! આમ, તો બે - પ્રજા અને પાર્ટીએ ભૂલી જવાની ઘટના છે. કેટલાક નવરાધૂપ અને ખણખોદિયા ચૂંટણી ઢંઢેરાના અમલ બાબતે રીતસર સંશોધન કરે છે. ડુંગર ખોદીને ઉંદર જેવું તારણ તારવે છે. ચૂંટણી ઢંઢેરામાં આપેલા વતનની ૧૦૫ % અમલ થયેલ નથી.( આમાં એવું છે કે ચૂંટણી ઢંઢેરાના વચન પર ચક્રવૃદ્ધિ વ્યાજ ગણવું પડે છે!!)ટુંકમાં ચૂંટણી ઢંઢેરો એટલે હવામાં બાચકા ભરવા. આકાશમાં ફૂલો ખીલવવા.!!

આવું જ કામકાજ બિલ્ડરોનું છે. ગામના ગોંદરે સ્કિમ મુકે. અખબારમાં પાના ભરીને ચળકતા ગ્લોસી પાનાંમાં ફટાકડી મોડેલ લઇ કલર જાહેરખબર છપાવે . પ્લોટ કે ટેનામેન્ટ કે ફ્લેટ બુક કરાવનાર પહેલાં દસ ભાગ્યશાળી ( બિલ્ડરોની ભાષામાં બકરા)ને આકર્ષક ઈનામ આપવાનું ગાજર લટકાવે કે મધલાળ આપે. આ ઈનામની લાલચે ગીલોટીન થઇ જાય. જમીનો લોચાવાળી હોય, ભાગીદારોમાં ડખ્ખા હોય પાંચ માળ બાંધવાની મંજૂરીમાં પંદર માળ તાણી કાઢે, કોમન પ્લોટમાં ગેરકાયદેસર મકાનો બાંધી કાઢે , ફાયર સેફટીના ઠેકાણા ન હોય, કટ ઓફ ડેટે ખરીદનારને પજેશન ન આપવું.કેટકેટલા કેમિકલ લોચા!!

પોલિટિકલ પાર્ટીઓના ચૂંટણી ઢંઢેરાની જેમ સ્કિમના બ્રોશર છપાવે. એમાં આંબલીપીંપળી બતાવે. સ્કિમ પૂરી થાય ત્યારે મા કસમ ફ્લેટ કે ટેનામેન્ટને બાદ કરતાં એક પણ એમેનિટીઝ હોય. બિલ્ડરો મેઇનન્ટેન્સનું તગડું ફંડ પણ મનચાઉની જેમ ચાઉ કરી જાય!!

સામાન્ય માનવી ઘરના ઘરના કોસ્ટલી અમે હાઇલી એક્સપેન્શીવ ડ્રિમને સાકાર કરવા શું શું જહેમત ઉઠાવે છે તેનું માઇન્ડ બ્લોઇંગ પિકચરાઇઝેશન "ખોસલા કા ઘોંસલા " થયેલ છે!!

ગિફ્ટ સિટીમાં શોભા એવલોન નામથી ૧૯૦ કરોડનો પ્રોજેક્ટ મૂકનાર બેંગલુરુની શોભા લિમિટેડને પ્રોજેક્ટની જાહેરખબરમાં રેરાની વેબસાઇટ નહીં દર્શાવાતા ૧૦ લાખનો દંડ કર્યો છે.

વડોદરાના ડવડેક પ્રોજેક્ટના બિલ્ડરને હાઇકોર્ટે એક લાખનો દંડ કર્યો છે. આ પ્રોજેક્ટના ફ્લેટધારકનો પૈસા પરત ચૂકવવાના રેરા(રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી)ના આદેશનું પાલન ન થતાં ફ્લેટધારક અને બિલ્ડર બન્ને એ પિટિશન કરી હતી. જો કે બિલ્ડરે તેના પ્રોજેક્ટ અંગેના અન્ય કેસોની માહિતી છૂપાવતા હાઇકોર્ટે એક લાખનો દંડ કર્યો હતો.

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર(રેરા)એ રજીસ્ટ્રેશનના નિયમોના ભંગ બદલ મુંબઇના પ્રમોટર સિદ્ધી વિનાયક એન્ટરપ્રાઈઝને અત્યાર સુધીનો સૌથી વધુ ૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જે ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી મોટો દંડ છે જેમાં કુલ ૧૬ પ્લોટ દર્શાવવામાં આવ્યા હતા અને પ્રોજેક્ટની કિંમત ૧૭૪ કરોડ દર્શાવી હતી.

લૉ ગાર્ડનમાં આવેલી ધ સેન્ટ્રલ પાર્ક સોસાયટીના તમામ યુનિટો વેચાઇ ગયા અને પઝેશન આપ્યા બાદ પણ બિલ્ડર એપટ્સ ઈન્ફ્રાએ ગ્રાહકો પાસેથી વસૂલેલી મેન્ટેનન્સની રકમ સોસાયટીના એકાઉન્ટમાં જમા નહીં કરાવાતા અને નિયત સુવિધા નહીં આપતા સોસાયટીના ૧૪ રહીશોએ રેરાને ફરિયાદ કરી હતી.

સોસાયટીના મેન્ટેનન્સના ૧.૫૭ કરોડ વ્યાજ સહિત તેમજ બાકી કામ પૂરા કરવાના ૧.૫૫ કરોડ મળી કુલ ૩.૧૨ કરોડ સોસાયટીમાં જમા નહીં કરાવતા રેરાએ બિલ્ડરની ત્રણ ખાનગી મિલકતોના વેચાણ કે મોર્ગેજ કરવા પર સ્ટે આપ્યો છે. વિલંબ બદલ રોજના ૫ હજાર લેખે ૯૫ હજાર દંડ પણ કર્યો છે. બિલ્ડરે સોસાયટીમાં જેનો ફ્લેટ ન હતો તેમને ચેરમેન બનાવી દીધા હોવાની રહીશોએ ફરિયાદ કરી હતી.

પ્રમોટરે ૨.૨૫ કરોડમાં એક યુનિટનું વેચાણ કર્યું છે .છતાં બ્રોશરમાં દર્શાવ્યા મુજબ ક્લબહાઉસ, જિમ, ઇન્ડોર ગેમ્સ, પ્લે એરિયા, સિનિયર સિટીઝન કોર્નર, ગજીબો, સોલાર રૂફટોપ પેનલ, વોટર સોફ્ટનર પ્લાન્ટ જેવી ૧૮ સુવિધા પૂરી પાડી નથી.

અમને ચિંતા પેઠી છે કે બિલ્ડરો બાપડા અને બિચારા છે. દરેકને માથા પર ફ્લેટ કે બંગલાની(બધું કન્યાની કેડ પર છે. ગોળ નાંખો એટલું ગળ્યું થાય) છત આપવા ભગીરથ પ્રયાસો કરે છે. પીએમ આવાસની સબસીડી ઓહીયા કરી જાય છે. ભાઇ તમારે ઘરનું કામ છે કે ગજીબોનું?( ગજીબો કંઇ બલા છે? તારે કસરત કરવી હોય તો બે ઇંટો કાફી છે!ઇંટો ઊંચકીશ એટલે વેઇટલિફટીંગ થઇ જશે ( મકાન બાંધકામમાં મજૂરણ એક તગારામાં વીસ બાવીસ ઇંટો ભરી પાંચમા માળે ચણતર માટે ભર બપોરે પહોંચાડે છે. તેને કયા કસરતની જરૂર છે?એક પણ મજૂરણોના શરીર સ્થુળ કે અદોદળા જોયા છે??મજૂરણોના શરીર પર ચરબીનો વધારાનો થર જોવા મળતો નથી.તમે પરિશ્રમ કરો પછી તમારે કયાં જીમની જરૂર છે? બિલ્ડરોને રાંડ તારો રોટલો કાચો ઢબે વખોડો છો? એ જમવામાં રૂપિયા પાંચસો કે બે હજારની નોટો, સોના ચાંદીના બિસ્કિટ કે ગચ્ચા ખાતો નથી. એ પણ રોટલી ખાય છે. બળ્યું રૂપિયા બાવીસ હજારની કિંમતનું ગાયનું શુધ્ધ ઘી રોટલી પર લગાવતો હશે કે સોનાના થાળી વાટકામાં રોટલીનું પ્રાસન કરતો હશે!! આ ધંધામાં કંઇ લાટા રહ્યા નથી . માત્ર સો ટકા મળતરનો ધંધો છે. સાલ્લું ધંધામાં પહેલાં જેવો કસ છે!! બિલ્ડરોને તમે બધા છંછેડશો તો તે યુક્રેન જતા રહેશે. ત્યાં બિલ્ડંગના ધંધામાં પાંચેય આંગળીયું ઘીમાં રહેવાની છે!!

ભરત વૈષ્ણવ
૮.૧૦.૨૦૨૨#હાસ્યલેખ

## મુંબઈમાં ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા : યલો એલર્ટ જારી કરવામાં આવ્યું

### ચોમાસુ પાછુ જવામાં હજુ થોડો સમય લાગશે જેના કારણે દેશના ઘણા ભાગોમાં વરસાદ થઈ રહ્યો છે



નવીદિલ્હી,તા.૮

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચોમાસુ પાછુ જવામાં હજુ થોડો સમય લાગશે જેના કારણે દેશના ઘણા ભાગોમાં વરસાદ થઈ રહ્યો છે. દિલ્લી-એનસીઆરના અમુક ભાગોમાં આખી રાત વરસાદ થયો અને શનિવારે સવારે દિલ્લીના લગભગ દરેક વિસ્તારમાં સતત વરસાદ થઈ રહ્યો છે.

આઈએમડીના જણાવ્યા મુજબ દિલ્લી-એનસીઆરમાં આવતા ૩ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહેશે. વળી, મુંબઈમાં પણ સતત વરસાદ થઈ રહ્યો છે. આઈએમડીએ આ સાથે જ દેશના ઘણા રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. આઈએમડીએ ભારે વરસાદને જોતા મુંબઈમાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. હવામાન વિભાગે જણાવ્યુ છે કે મુંબઈમાં આવતીકાલે આખો દિવસ ગાજવીજ સાથે વાવાઝોડા અને ભારે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. રિપોર્ટ મુજબ સતત ભારે વરસાદને કારણે મુંબઈના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. મુંબઈમાં શુક્રવારથી વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે જણાવ્યુ કે મુંબઈમાં છેલ્લા બે અઠવાડિયાથી છૂટોછવાયો વરસાદ થઈ રહ્યો છે.અહીં ૨૨.૪ મીમી (મીમી) અને સાંતાક્રુઝ ઓબ્ઝર્વેટરીએ ૩૨.૬ મીમી વરસાદ નોંધ્યો હતો. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ તેની વેધશાળાઓમાં નરીમાન પોઈન્ટ, વિક્રોલી અને વર્સોવામાં ૬૦ મીમી વરસાદ નોંધ્યો હતો. દિલ્લી-નોઈડામાં અવિરત વરસાદને કારણે ઘણી જગ્યાએ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે. અનેક વિસ્તારોમાં વીજળી પણ ડૂલ થઈ ગઈ છે. વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો અને હવાની ગુણવત્તામાં સુધારો થયો હતો. દિલ્લીમાં આગામી ત્રણ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહી શકે છે. દિલ્લીમાં મહત્તમ તાપમાન ૨૭.૧ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયા આકાશ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ રાજ્યોમાં ૪-૫ દિવસ વરસાદની શક્યતા આ રાજ્યોમાં ૪-૫ દિવસ વરસાદની શક્યતા ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ મધ્ય પ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે.

## પ્રાણીઓની તસ્કરી સંબંધિત કેસ, સીબીઆઈએ ટીએમસી નેતા અનુબ્રત મંડલ સામે ચાર્જશીટ દાખલ કરી

કોલકતા,તા.૮

સીબીઆઈએ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) જિલ્લા અધ્યક્ષ અનુબ્રત મંડલ વિરુદ્ધ પ્રાણીની દાણચોરી સંબંધિત કેસમાં આસનસોલની વિશેષ સીબીઆઈ કોર્ટમાં બીજી ચાર્જશીટ દાખલ કરી. ચાર્જશીટમાં મંડલને કૌભાંડમાં સહાયક અને લાભાર્થી ગણાવ્યા છે. અનુબ્રત મંડલની સીબીઆઈ દ્વારા ૧૧ ઓગસ્ટના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તે જેલના સળિયા પાછળ છે.અનુબ્રત મંડલની ધરપકડના ૫૭ દિવસની અંદર સીબીઆઈએ ચોથી પૂરક ચાર્જશીટ દાખલ કરી છે. તેમની સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી) અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કેટલીક કલમો હેઠળ આરોપો મૂકવામાં આવ્યા છે. કેન્દ્રીય એજન્સીએ મંડલ અને તેના પરિવારના સભ્યોના નામે લગભગ ૧૮ કરોડ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ અને ૫૦ થી વધુ જમીન અને સંપત્તિના દસ્તાવેજોનો ઉલ્લેખ કર્યો છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO:004

વિષય: માળો

પ્રકાર: ગદ્ય

શબ્દો:૩૩૬

શીર્ષક: ઉડવું

વૃક્ષની ઈર્ષા આવે તેના મિત્રો બધાં જ પક્ષીઓ સાથે ને નાનપણથી હું તેમને પકડવા જાઉં ને તે ઉડી જાય.મારી સાથે તેઓની દોસ્તી કેમ નથી થતી તેઓ ડરે છે મારાથી? પણ હું કદી તેમને નુકસાન નથી પોંહચાડતી.

માસ્તર કહેતા કે તું તેઓને ખાવાનું નથી આપતી, પાણી તેમનું ઢોળી નાંખું તો ક્યાંથી આવે? વાત સાચી મને તો તેઓનું ઉડવું બહુ જ ગમે કેવા દેશ પ્રદેશ ભ્રમણ કરતાં ફરે.

આજે સાસરામાં આવી ત્યારે થોડા દિવસ તો આ નવો માળો મીંઠડો લાગ્યો હતો , પણ સમય જતાં લાગ્યું અહીં સ્ત્રી એટલે ઓહો જાણે રૂપસુંદરીઓ તેથી મારા પતિદેવે કહી દીધું જો જે હો બહુ મારા પિતા સામે ઉઘાડાં માથે નહિ ફરતી યાની કે માથે ઓઢવાં સાડી જ પહેરવાની! આશ્ચર્યમ, આ માળો હતો કે ચાર દિવાલનું પિંજર. મારા સાસુમાંના ચહેરા પર તો પીળાશ હતી, ચહેરા પર કોઈ હાવભાવ જ નહિ ,લાગતું હતું વરસોથી તેઓ હસ્યાં જ નથી. મે તો વાંચેલી સરસ્વતીચંદ્રની કુટુંબ ભાવના પણ સમણું જ બની ગઈ.

દીકરાઓ ને દીકરીનો મોટો તફાવત. બહુ ઈચ્છા હતી કે આ બધાં પર કાર્ય કરીશ. સુગરીની જેમ તાંતણે તાંતણો જોડી જોડી સરસ સુંદર માળો બાંધીશ , પણ ઓહ પછી વિચાર આવ્યો કે શું મારાં જેવા જ સમણાં આ સ્ત્રી કે જે હસી નથી સકતી તેણે નહિ જોયા હોય?

એક દિવસ મારા નણંદબા આવ્યાં જાણે સોનાની ખાણ

પાસેથી જ પસાર થઈને આવ્યા હોય. સમજી ગયાને? ખૂબ બધાં દાગિના અને રેશમની સાડી અમિરી જ છલકાય! તંદુરસ્ત શરીર જાણે ખાધે પીધે સુખી!

મેં પૂછ્યું બેની તમે એકલા, જીજુ ક્યાં? મારાં પ્રશ્નથી પ્રસન્ન થવાને બદલે તેમના ચહેરા પર લાલાશ ને બદલે પીળાશ દેખાય.

એક દિવસ મારાં પતિના મિત્ર આવ્યા તેઓ સાથે હસીને મેં વાત કરી તો અમારાં એ ઉકળી પડ્યાને મારી પર હાથ ઉપાડ્યો બસ આ જીવ તો ઉડવું જ પડશે

પિંજરું ખૂલે એટલી વાર કે માળાને વિખેરવો જ પડશે નક્કી કરી બેઠો. એક રાત્રે વિચાર્યું ને ડેલીની સાંકળ અધખુલ્લી રાખી સુવા ગઈ. પેલી બે શૂન્ય ભરી આંખોએ જોયુંએ ખરું પણ ન જોયા બરાબર કરી તે તો

સૂવા ગયાં. હું ઉઠી વિચારતી રહી સુગરી ગમે તેટલો સુંદર ‘માળો’ ચણે પણ અંદરથી બચ્ચા પાંખ આવતાં સ્વતંત્રતાની પાંખો ફેલાવી વિશાળ જગતમાં ઉડી જાય છે.

ઉડવું જ જોઈએ જો પાંખો આવી જાય તો એવું નથી લાગતું મિત્રો? બસ હું પણ ભીંતોનાં ને મારબલના આ માળામાંથી એ રાત્રે નવા સમણાં જોવા ઉડી ગઈ ને જાણો છો મારાં સાસુએ જેવી હું નીકળી તો અવાજ વગર કમાડ બંધ કર્યા !

જયશ્રી પટેલ...૬/૧૦/૨૨

------------------------------------------------

NOG. SS. NO. 0097

વિષય:માળો

પ્રકાર: ગદ્ય

શીર્ષક: ચકીરાણી

આજે ૬૦થીઉપરની ઉંમરના વયસ્કો ને માટે ચકારાણા અને ચકીરાણીની ખીચડી અજાણી નહીં જ હોય. ત્યારે સમાન અધિકાર માંગીને કે ઝૂંટવીને લેવાનો ન હતો એ સહજ હતો. બંને સાથે ગાણા લાવતા અને ખીચડી બનાવતા. પણ ત્યારે મનુષ્યો માટે એ બધું અજુગતું હતું એ ચોક્કસ જ છે. પરંતુ પક્ષી અને મનુષ્યો વચ્ચે એક વાત બિલકુલ સામાન્ય હતી અને તે માળો. ત્યારે મનુષ્યનો માળો સંયુક્ત કુટુંબની ભાવનાથી મહેંકતો હતો.

ત્યારે સમાનતાની ઘેલછા નહતી એટલે જ કદાચ પારિવારીક સંપ અને સંગઠનનો પમરાટ સૌ સભ્યો પામી શકતા હતા. આજે વિકાસ અને પ્રગતિની હોડમાં સંયુક્ત કુટુંબ અને ભાવના વેર વિખેર થઈ ગયા છે. આજે વિભક્ત કુટુંબ પણ નથી રહ્યા. પરિવારમાં પતિ પત્ની પણ વિચારોની ભિન્નતાને સહન નથી કરતાં અને માળો બંને ન બંને ત્યાં વિખેરાય જવાની ઘટના સામાન્ય થઈ રહી છે. બે માંથી એક સમજુ હોય તો નિભાવવા પ્રયત્ન કરે પણ દરેક વસ્તુની એક મર્યાદા હોય છે. માળાને મહેંકતો રાખવાની જવાબદારી સંયુક્ત છે.સમજુ ભોગ આપ્યા કરે અને બીજું પાત્ર હંમેશા અણ સમજુ જ રહે તો એ માળો ક્યારે ય ન જ બંને.આને માટે કંઈક અંશે આપણે વયસ્કો પણ જવાબદાર છીએ. પતિ કે પત્ની કોઈક એકના પક્ષે બેજવાબદાર ઉછેરનું આવું જ પરિણામ હોય શકે. ભવિષ્યમાં બાળકોના જીવનનો માળો કેટલો મજબૂત હશે એ માતા પિતાના ઉછેર પર આધારીત છે એવું ચોક્કસ કહી શકાય. આ મનુષ્યના માળાના ચણતર અને ગૂંથણીની વાત છે. પાંખ આવેને મા બાપથી હંમેશ માટે ઉડી જતાં અને મા બાપને ક્યારેય ન ઓળખી શકતા પક્ષીઓની વાત નથી.

વર્ષાબેન દેસાઈ

એડવોકેટ

વડોદરા-સિડની

------------------------------------------------

NOG SS No - 119

શબ્દ : માળો

પ્રકાર : ગદ્ય

શિર્ષક : સળી ન કરીએ.

માનવીઓ ઘર બનાવે તે ફ્લેટ ને બંગલા,<br>
પક્ષીઓ પોતાનું ઘર બનાવે એને કહે માળો;<br>
પશુઓના ઘરના નામો અનેક ગણાતા હોય,<br>
પશુ-પક્ષીઓના ઘર બનાવા માણસોનો ફાળો.

માળો એટલે ઘર. સામાન્ય એક કહેવત છે કે સૌ પોતપોતાના માળામાં રહે. એટલે દરેક પશુ-પક્ષીઓને પોતાને રહેવા એક આશરો હોય એટલે કે રહેવા માટે ઘર હોય. કોઈ પણ માણસ દેશ પરદેશ કે ગમે ત્યાં કમાવા જાય ત્યારે તે પહેલા પોતાને રહેવા માટે આશરો બનાવે છે. આશરો એટલે એને રહેવાનું રહેઠાણ એજ ઘર.

અમે સૌરાષ્ટ્ર કાઠીયાવાડ માં મજૂરી કરવા જતાં ત્યારે છૂટા મેદાનમાં અમારી ઘરવખરીનો સામાન રાખતા. ત્યાં અમે વાળી ચોળીને સાફસફાઈ કરતા એ અમારું થાક્યા - પાક્યા નો વિસામો ગણાતો. કોઈ પણ માણસ, પશુ કે પક્ષીઓ પોતાને સલામત રહેવા ઘર બનાવે છે. અપવાદરૂપે કોયલબાનુઓ કદાચ પોતાનો માળો નહીં બનાવતી હોય એટલે જ કાગડાનાં માળામાં ઈંડા મૂકી આવતી હશે. એક લોકગીત પણ ગવાય છે કે ‘કાગડો કોયલને મારવા જાય છે જી રે...’ પક્ષીઓની મહાસભામાં પણ કાગડાઓએ રજુઆત કરી હતી. માળો બનાવવામાં સુગરી ઈજનેર નથી,પણ તેની કલાકારીગરી બેનમૂન છે. સુગરીના માળાની વાનરભાઈ ને ઈર્ષ્યા આવતાં માળો વિંખી નાખેલો. એટલે કોઈને સલાહ આપવામાં પણ પોતાને નુકસાન ભોગવવું પડતું હોય છે...!

માણસ,પશુ-પક્ષીઓ દરેક પોતાના સ્વરક્ષણ માટે માળા રૂપે ઘર બનાવતા હોય છે. પોતપોતાની પરિસ્થિતિ મુજબ ઘર બનાવે છે. પક્ષીઓને માટે માણસો દ્વારા અનેક સંસ્થાઓ પણ પૂંઠાના માળા બનાવી પોતાના આંગણામાં કે ઝાડ પર માળા ટીંગાડતા હોય છે. પક્ષીઓને પીવા માટે પાણીનાં કૂંડા ભરીને રાખતા હોય છે. હમણાં ચકલી બચાવ ઝૂંબેશ ચાલે છે. ચકલીઓ નો કલરવ ઓછો સંભળાય છે. કોઈ પણ પશુકે પક્ષીઓનું જતન કરવાની જવાબદારી આપણા સૌ માણસો ની છે.

પહેલાંના સમયમાં ગિલોલ કાંકરા થી પશુઓને મારવાના બનાવો બનતા હતા, પરંતુ શિક્ષણ અને સમજ આવતાં એ બધી પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ છે. જે સારી બાબત છે.

પાલતું પ્રાણીઓનાં માલિકો એમનાં રક્ષણ માટે માળા રૂપે ઘર બનાવી આપે છે, પણ પક્ષીઓએ તો જાતે એક એક તણખલા ભેળા કરીને માળો બનાવવો પડે છે. માળો એટલે ઘર એને કદાપી વિખેરવાનો પ્રયત્ન ન કરીએ. પક્ષીઓ એક એક સળી થી પોતાનો માળો એટલે કે નિવાસસ્થાન બનાવે છે, જ્યારે અમુક વિઘ્નસંતોષીઓ એક સળી કરીને માળો વિખેરવાનો પ્રયત્ન કરે છે. થાય તો આંગળી ચિંધ્યા નું પૂણ્ય કમાઈએ, નહીંતર આપણે આપણા ઘરને સાચવીએ.

×પાલતુ પશુના માલિકો જાતે માળો બનાવી આપે, જ્યારે પક્ષીઓને જાતે સ્વયં માળો બનાવવો પડે;

જીવતા જીવોને રહેઠાણ કરી દેતા સેવાભાવીઓ,<br>
માણસો પક્ષીઓને બનાવી દે એમાં કોઈને ના નડે.’

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)

વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

------------------------------------------------

NOG SS No:- 0038

વિભાગ :-પદ્ય

શીર્ષક :- ‘માળા’

------------------------------------------------

મા તારા બાગમાં નાજુક કળી થઈ આવી છું,<br>
મમતાના માંડવે હું માળો ગૂંથવા આવી છું.<br>
ચાંપી છાતીએ વ્હાલથી તરબતર ભીંજાઈ,<br>
તારી અમી ભરી નજરમાં રમવા આવી છું.<br>
આંગળી ઝાલી મંડાવ્યા ડગલાં જીવનમાં,<br>
તારું સ્વાભિમાન તારું અંશ બની આવી છું.<br>
પાંખ આપી શીખવે આભમાં ઉડાન ભરતા,<br>
સંસ્કારના તણખલે માળો ગૂંથવા આવી છું.<br>
સંસ્કાર તારા દીધેલા મારી રગેરગ માં ભરી,<br>
પારકી થઈને પરાયું પોતાનું કરવા આવી છું.<br>
ના લજવાય ભૂલથી મોસળની આબરુ કદી,<br>
તારા ચરણની રજ માથે ચડાવી આવી છું.<br>
હૈયે હામ ભરી ચાલી નીકળી કપરા જીવનપંથે,<br>
પુરી થાય ‘આકાંક્ષા’ આશિષ લેવા આવી છું.

‘શીલા પટેલ ‘આકાંક્ષા’

------------------------------------------------

NOG SS No : 123

વિભાગ -પદ્ય

શીર્ષક- સાંભરે

શબ્દ- માળો

એક તરણું ચાંચમાં પંખી ભરે.<br>
બાંધવા ‘માળો’એ મહેનત બહુ કરે.<br>
જાય સૂરજ સાંધ્યકાળે આથમી.<br>
ક્ષિતિજો મળવા અધીરી તરવરે.<br>
મોરલીમાં કૃષ્ણ મારે ફૂંક જ્યાં.<br>
પ્રેમ રાધા શ્યામનો ત્યાં પાંગરે.<br>
ઝળહળે છે તારલા ઈચ્છા તણાં.<br>
આશનો ઝગમગ સિતારો ના ખરે.<br>
જો ગયા છોડી જે પોતાના હતા.<br>
‘દિવ્ય’સંસ્મરણો જ એના સાંભરે.

દિવ્યા દેઢિયા ‘દિવ્ય’

વડાલા (મુંબઈ)

# વિક્લી માર્કેટ રિપોર્ટ

## સોનાના વાયદામાં રૂ.૧,૭૮૫ અને ચાંદીમાં રૂ.૫,૧૮૯નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

કપાસનો વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૦ નરમ: ક્રૂડ તેલમાં તેજીનો માહોલ: સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૩૨૫૦૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૦૪૧૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૫૩૯ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૩૦ સપ્ટેમ્બરથી ૬ ઓક્ટોબરના સપ્તાહ દરમિયાન ૩૩,૯૬,૦૧૫ સોદાઓમાં કુલ રૂ.૨,૬૩,૪૫૦.૨૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૩૨૫૦૨.૦૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૩૦૪૦૯.૬૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૩,૨૭,૫૭૭ સોદાઓમાં કુલ રૂ.૬૭,૪૪૦.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૨૮૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૦૯૩ અને નીચામાં રૂ.૫૦,૧૫૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૭૮૫ વધી રૂ.૫૧,૯૭૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૧૩૦ વધી રૂ.૪૧,૧૨૮ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪૯ વધી રૂ.૫,૧૩૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૦૮૩ના ભાવે ખૂલી, રૂ.૧,૬૯૪ વધી રૂ.૫૧,૭૧૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૬,૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૨,૩૭૦ અને નીચામાં રૂ.૫૫,૨૮૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૧૮૯ વધી રૂ.૬૧,૩૪૬ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫૦૩૧ વધી રૂ.૬૧,૬૪૩ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪,૯૦૪ વધી રૂ.૬૧,૬૪૭ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૬૧,૧૮૯ સોદાઓમાં રૂ.૨૪,૨૮૯.૨૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૦.૭૦ વધી રૂ.૨૦૬.૪૦ અને જસત ઓક્ટોબર વાયદો રૂ.૧૨.૫૫ વધી રૂ.૨૮૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૮.૫૦ વધી રૂ.૬૫૬.૨૫ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૫.૮૦ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫,૦૬,૧૯૪ સોદાઓમાં કુલ રૂ.૪૦,૫૩૫.૪૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૬૫૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૨૮૯ અને નીચામાં રૂ.૬,૪૭૮ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૫૬૬ વધી રૂ.૭,૨૬૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૯૦ વધી રૂ.૫૭૭.૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨,૭૩૧ સોદાઓમાં રૂ.૨૩૭.૨૬ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૦૦ બંધ થયો હતો. કોટન ઓક્ટોબર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૦,૬૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૩,૩૩૦ અને નીચામાં રૂ.૩૦,૫૯૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૯૩૦ વધી રૂ.૩૨,૭૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૩૦ વધી રૂ.૧૦૦૦.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૪,૩૭૨.૭૨ કરોડનાં ૪૭,૬૫૧.૬૯૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૪૩,૦૬૭.૪૪ કરોડનાં ૭,૧૯૯.૧૫૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૫,૭૯૫.૨૫ કરોડનાં ૨,૨૮,૬૨,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૪,૭૪૦ કરોડનાં ૪૪૩૩૧૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૧૫.૬૩ કરોડનાં ૬૯૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૧.૪૭ કરોડનાં ૨૧૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૮૩૪.૪૫૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૧૧.૩૧૬ ટન, ક્રૂડ તેલમાં ૧૧૪૪૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૧૧૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૦૪૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૩૦.૩૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૫૩૮.૬૨ કરોડનાં ૭,૫૮૪ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૮૫૦ના સ્તરે ખૂલી, ૬૬૬ પોઈન્ટ વધી ૧૪,૪૮૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૩૦,૪૦૯.૬૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૫૦૩.૩૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૦૬૧.૬૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૦૪,૬૩૬.૩૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯,૨૦૨.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં.




# એનીમલ હેલ્પલાઈન દ્વારા ‘પશુ-પક્ષીઓને સારવાર,આશ્રયથી જીવતદાન‘ વિષય પર આંતરરાષ્ટ્રીય વેબીનારનું મંગળવારે આયોજન

## ગીરા શાહ (અમદાવાદ), નીલેશ રાયચુરા, શિતલ રાયચુરા (વાપી) માર્ગદર્શન આપશે, સૌને જોડાવવા જાહેર આમંત્રણ

શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા વખતોવખત જીવદયા, ગૌસેવા, માનવતા અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ ઉપર નિષ્ણાંતોને આમંત્રીત કરી આંતરરાષ્ટ્રીય કક્ષાના વેબીનારના આયોજનો કરાય છે, આ શૃંખલામાં “પશુ-પક્ષીઓને સારવાર, આશ્રયથી જીવતદાન” વિષયક આંતરરાષ્ટ્રીય વેબીનારનું તા.૧૧/૧૦/૨૦૨૨, મંગળવારે બપોરે ૨-૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આ વેબીનારમાં મુખ્ય વક્તા તરીકે જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ (અમદાવાદ)ના ગીરાબેન શાહ જેઓ છેલ્લા ઘણા સમયથી અમદાવાદમાં અબોલ પશુ-પક્ષીઓને બચાવવા માટે સુંદર હોસ્પીટલ, શેલ્ટર, હેલ્પલાઈનનું સંચાલન કરી રહયાં છે અને અમદાવાદ ખાતે એક બેનમૂન સંસ્થાના પ્રણેતા છે. તેઓ પોતાનું




અનુભવ સિધ્ધ માર્ગદર્શન, તકનીકી કૌશલ્ય અંગે સૌને માર્ગદર્શન આપશે. તેજ રીતે વાપી ખાતે જીવદયા—ગૌસેવાનું અદ્ભૂત કાર્ય કરી રહેલું દંપતી નિલેશભાઈ રાયચુરા, શ્રીમતી શિતલબેન રાયચુરા તેઓ પણ આ વિષય પર પોતાનું અનુભવ સિધ્ધ માર્ગદર્શન આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાયચુરા દંપતીએ માત્ર અબોલ જીવોની સેવા સારી રીતે થઈ શકે તે માટે નિ:સંતાન રહેવાનો નિર્ણય પણ કરેલો છે. અને હાલમાં જ ગુજરાત રાજયનાં મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ તેઓ સન્માનીત થયેલા છે. સૌને આ વેબીનારમાં મંગળવારે બપોરે ૨-૦૦ કલાકે ફેસબુક લીંક https://www.facebook.com/animalhelplinekarunafoundation/ પર લાઈવ નિહાળવા આમંત્રણ અપાયું છે.

આ વેબીનાર અંગેની વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) તથા પ્રતિક સંઘાણી (મો. નં. ૯૯૯૮૦ ૩૦૩૯૩) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. આ વેબીનારને સફળ બનાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન રાજકોટના મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ઘનશ્યામભાઈ ઠકકર, રમેશભાઈ ઠકકર, ધિરેન્દ્ર કાનાબાર, રજનીભાઈ પટેલ, એડવોકેટ કમલેશભાઈ શાહ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ મહેતા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

## સ્વર્ણિમગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત ની ટીમસુરત સે સરહદ તક કાર્યક્રમ અંતર્ગત રાજસ્થાનજેસલમેર બોર્ડર પર વીર જવાનો ને મો મીઠું કરાવીને

### ૧૦૦૦ વૃક્ષો વાવી નેપર્યાવરણજાગૃતિ નો સંદેશો આપશે




સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત ની ૧૦ મેમ્બરો ટીમ રાજસ્થાન જેસલમેર સ્તિથ આપડા વીરબહાદુર જવાનો સાથે દિવાળીનો તેહવાર મનાવવા માટે ના કાર્યક્રમમાં સુરત કલેક્ટર કચેરી ખાતે નિવાસી નાયબ કલેક્ટર યોગરાજ સિહ ઝાલા એ ફલેગ ઓફ ઓનર આપ્યું હતું

સંસ્થા ના પ્રમુખ ઘનશ્યામ બિરલા ની આગેવાની માં ટીમ ના ૧૦ સભ્યો આજરોજ બોર્ડર પર સૈનિકો સાથે દિવાળી ના તહેવારોની ઉજવણી કરવા રવાના થયા હતા આં પોગ્રામ વિશે વધારે માહિતી આપતા બિરલાએ જણાવ્યું હતું કે આપડા જવાનો રાત દિવસ આપડી સુરક્ષા પોતાના કુટુંબીજનો ને છોડીને કરે છે ત્યારે આપડે શાંતિ ની ઊંઘ લઈએ છીએ તે જવાનો ને કુટુંબીક હુંફ આપવાના પ્રયાસ રૂપે સંસ્થા દ્વારા આં જવાનો ને મીઠું મોઢું કરાવીને ગિફ્ટ આપીને મનાવશે

તેમજ ૧૦૦૦ વૃક્ષો વાવી ને સૈનિકો માં પર્યાવરણ જાગૃતિ ના પ્રયાસ કરવામાં આવશે આં વૃક્ષોની ખાસિયત એ છે કેતે ૯ ફૂટ ના ઉચાય વાળા રોપા છેક યુપીથી જૈસલમેર પહોંચાડવામાં આવ્યા છે ને જવાનો દ્વારા તેની રોપણી પણ ચાલુ કરી દીધી છે અને અમારા મેમ્બરો ત્યાં તેમની સાથે મળી ને વૃક્ષારોપણ કરસે તેમજ આં વૃક્ષો ના જતન ની જવાબદારી જવાનો દ્વારા કરવામાં આવશે તેવી બાહેંધરી BSF ના ડીસી રાજવીર શીહ દ્વારા સંસ્થાને આપવામાં આવી છે

આ જેસલમેર ટૂર ની ટીમમાં સંસ્થાના ઉ પ્રમુખ શ્રી ડો મધૂકાંત ગોંડલિયા મંત્રી ડૉ મુકેશ પડ્સાલા ટ્રસ્ટી બાબુ વેકરીયા બટુક વાડદોરિયા મહેશ ક્યાડા દુર્લભ નસિત જેવા સભ્યો જોડાયાહતા

બોર્ડર પર સૈનિકો સાથે દિવાળી ની આવા સુંદર આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી હરેશ માંગરોળીયા ઘનશ્યામ પાધરા કવિ સુરેશ વિરાણી હાસ્યકાર દિલીપ વરસાણી નરેશ દેવળીયા તેમજ ડૉ પ્રફુલ્લ શિરોયા ભરત જસાણી જેવા મહાનુભાવો હાર્દિક અભીનંદન પાઠવ્યા હતા.

## પ્રદેશ મીડિયા સેન્ટર અમદાવાદ ખાતે યુવા મોરચા દ્વારા માય ફર્સ્ટ વોટ ફોર મોદી અભિયાનનું લોન્ચિંગ રાષ્ટ્રીય યુવા મોરચાના મહામંત્રીશ્રી રોહીત ચહલજીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું

**યુવા મોરચા દ્વારા ૧૮ થી ૨૫ વર્ષના જે યુવાનો પ્રથમ વખત મતદાન કરવાના છે તેમને ધ્યાને રાખી યુવા મોરચા દ્વારા આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.**
**માય ફર્સ્ટ વોટ ફોર મોદી અભિયાન અંતર્ગત યુવા મતદારોનો સંપર્ક,વકતૃત્વ સ્પર્ધા યોજાશે. – શ્રી પ્રશાંતભાઇ કોરાટ**
**ગુજરાતમાં આશરે ૪૮ લાખ નવા મતદારો ગત પાંચ વર્ષમાં જોડાયા છે આ તમામ મતદારોને ભાજપના શુભેચ્છક બનાવવા પ્રયાસ કરવામાં આવશે.**
**– શ્રી ડો.પ્રશાંત કોરાટ**




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, યુવા મોરચાના દ્વારા માય ફર્સ્ટ વોટ ફોર મોદી અભિયાનનું લોન્ચિંગ કાર્યક્રમ આજરોજ પ્રદેશ મીડિયા સેન્ટર અમદાવાદ ખાતે રાષ્ટ્રીય યુવા મોરચાના મહામંત્રીસશ્રી અને યુવા મોરચાના પ્રભારીશ્રી રોહીત ચહલજીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. યુવા મોરચા દ્વારા ૧૮ થી ૨૫ વર્ષના જે યુવાનો પ્રથમ વખત મતદાન કરવાના છે તેમને ધ્યાને રાખી યુવા મોરચા દ્વારા આ અભિયાનનું આયોજન કરવમાં આવ્યું છે. યુવા મોરચાના પ્રમુખશ્રી ડો. પ્રશાંત કોરાટે માય ફર્સ્ટ વોટ ફોર મોદી અભિયાનની માહિતી પત્રકારશ્રીને આપી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં માય ફર્સ્ટ વોટ અભિયાનનું ટી શર્ટનું લોન્ચિંગ કરવામાં આવ્યું. આ પ્રેસને સંબોધતાશ્રી ડો. પ્રશાંતભાઇ કરોટા જણાવ્યું કે, ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણી ટુંક સમયમાં યોજાશે ત્યારે ભાજપ યુવા મોરચા દ્વારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શનમાં આગામી સમયમાં માય ફર્સ્ટ વોટ ફોર મોદી અભિયાન થકી મહા સંપર્ક અભિયાન ચલાવાશે. આ અભિયાન ડિજિટલ માધ્યમ થકી ત્રણ તબક્કામાં યોજાનાર છે. આ અભિયાનમાં ૧૮ થી ૨૫ વર્ષના યુવા મતદારોને ડબલ એન્જિનની સરકાર થકી જે વિવિધ વિકાસ કાર્યો થયા છે તેની સંપુર્ણ માહિતી આપવામાં આવશે અને આવનાર વિઘાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી તરફ મતદાન કરવા પ્રેરણા આપવમાં આવશે. યુવા મતદારો ભાજપના શુભેચ્છક બને તે માટે પ્રયાસ કરવામાં આવશે.

શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, આ અભિયાન ત્રણ તબક્કામાં યોજાશે જેમાં પ્રથમ તબકક્કામાં ૧૦ થી ૧૬ તારીખ સુધી યોજાશે જેમાં ગુજરાતની કોલેજ, હોસ્ટેલ,ક્લાસીસમાં જઇ યુવા વિદ્યાર્થીઓનો સંપર્ક કરવમાં આવશે. કોલેજમાં યુવા વિદ્યાર્થીઓમાં માય ફર્સ્ટ વોટ ફોર મોદી વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાશે. બીજા તબક્કામાં ૩૦ નવેમ્બરથી ૧૦ ઓક્ટોબર સુધી જયારે ત્રીજો તબક્કો ૫ નવેમ્બરથી ૧૦ નવેમ્બર દરમિયાન યોજાશે. બીજા અને ત્રીજા તબક્કમાં યુવા મોરચાના કાર્યકરો શહેરના જાહેર સ્થળો પર પેમ્પલેટ, પ્લે કાર્ડ અને પત્રિકા વિતરણ કરવમાં આવશે. રાજયના ગામડા અને શહેરના બુથમાં આ અભિયાન ચાલશે. રાજયના ગામડામાં ૨૦ થી ૨૫ યુવા કાર્યકરો ભારતીય જનતા પાર્ટીના ધ્વજ લઇ યુવા મતદારોને સંપર્ક કરશે. રાજયમાં વિધાનસભામાં યુવા મરોચાના કાર્યકરો રાજયના યુવાનો વધુમાં વધુ મતદાન કરે તે માટે પ્રયાસ કરવમાં આવશે. ગુજરાતમાં આશરે ૪૮ લાખ નવા મતદારો ગત પાંચ વર્ષમાં જોડાયા છે કે જે મતદારો પહેલી વખત મતદાન કરશે તે તમામ મતદારો ભાજપના શુભેચ્છક બનાવવા પ્રયાસ કરવમાં આવશે. આ કાર્યક્રમમાં પ્રદેશ યુવા મોરચાના પ્રભારી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી મનીષકુમાર સિંહ ,પ્રદેશ મીડિયા સહ કન્વીનરશ્રી ઝુબિનભાઇ આસરા, પ્રદેશના મહામંત્રીશ્રીઓ શ્રી ડો.નરેશભાઇ દેસાઇ,શ્રી ઈસાનભાઇ સોની,રાષ્ટ્રીય યુવા મરોચાના કારોબારી સભ્યશ્રી વિસુ બસોયા,યુવા મોરચાના મીડિયા સેલના કન્વીનરશ્રીઓ શ્રી લીલાઘરભાઇ ખડકે, શ્રી કૃતિકભાઇ ભટ્ટ, કલાકારશ્રી દેવભાઇ જોષી,શ્રી જય ઠક્કર,પ્રેમ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

## બેચરાજી તાલુકાના દેલવાડા ગામે આવી રહેલા વડાપ્રધાનના કાર્યક્રમ દરમ્યાન યોજાનારા રોડ શોમાં સામેલ થવા માટે ચાણસ્મા તાલુકા ભાજપ સંગઠન દ્વારા પુરવાયોજન માટે બેઠક મળી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો



૯ ઓક્ટોબરના રોજ મહેસાણા જિલ્લાની મુલાકાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યાં છે અને તેમની જાહેરસભાનું બેચરાજી તાલુકાના દેલવાડા ગામે આયોજન કરાયુ છે ત્યારે ચાણસ્મા તાલુકા ભાજપ સંગઠન દ્વારા વડાપ્રધાનના રોડ શો દરમ્યાન સામેલ થવા માટે પૂર્વ આયોજન માટે બેઠક મળી હતી અને રોડ શોમાં જવા માટે વધારેમાં વધારે કાર્યકરો પદાધિકારીઓ જોડાય તે માટે ખાસ આગ્રહ ઉપસ્થિત મહાનુભાવોએ કર્યું હતું અને રોડ શોમાં ક્યાંથી જોડાવું તે અંગે પણ બેઠક દરમ્યાન ચર્ચા કરવામા આવી હતી તદઉપરાંત ચાણસ્મા વિધાનસભાના લોકો વધારેમાં વધારે વડાપ્રધાનના કાર્યક્રમમાં જોડાય તે અંગે પણ તંત્ર સાથે સંકલન કરી આયોજન કરવા માટે ખાસ ચર્ચા કરાઈ હતી આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય રણછોડભાઈ દેસાઈ ભાજપના અગ્રણી સનેહલ ભાઈ પટેલ મુકેશભાઈ પટેલ દાઢી કીરણ ભાઈ જાની જિલ્લા ભાજપના ઉપપ્રમુખ દિલીપ કુમાર જોશી બક્ષીપંચ મોરચાના અગ્રણી વિક્રમજી ઠાકોર તાલુકા ભાજપના મહામંત્રી મહેશ કુમાર ચૌધરી સહિત તાલુકા સદસ્યો સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## સોખડાના સંતો ફરી બાખડ્યા, પ્રેમસ્વામી ગ્રૂપના સંતોએ આત્મીય વિદ્યાધામમાં ઘૂસણખોરી કરતા પોલીસ બોલાવવી પડી

આણંદ,તા.૮

આણંદના બાકરોલ ખાતે આત્મીય વિદ્યાધામ ખાતે ફરી એકવાર પ્રેમ સ્વામી અને પ્રબોધ સ્વામી જૂથના સંતો વચ્ચેનો વિવાદ સામે આવ્યો છે. પ્રેમ સ્વામી જૂથના પાંચ સંતો આત્મીય વિદ્યાધામ ખાતે રહેવા આવતા પ્રબોધ સ્વામી જૂથનાં સંતોએ વિરોધ દર્શાવ્યો હતો. આ વિરોધમાં મામલો ગરમાતા પોલીસે બંને જૂથ વચ્ચે સમાધાનનાં પ્રયાસો હાથ ધર્યા હતા. અંતે શુક્રવારે રાત્રે ૧૨ વાગે પાંચ સંતો અને તેમની સાથેના હરિ ભક્તો પરત જવા રવાના થતા મામલો થાળે પડ્યો હતો.

સોખડાના પ્રેમ સ્વામી અને પ્રબોધ સ્વામી જૂથ વચ્ચે સત્તાનો વિવાદ હજુ અંત થવાનો નામ લેતું નથી. હાઈકોર્ટનાં આદેશ બાદ પ્રબોધ સ્વામી જૂથના ૬૦ થી વધુ સંતો આણંદના આત્મીય વિદ્યાધામ ખાતે નિવાસ કરી રહ્યા છે. ત્યારે આજે સાંજે પ્રેમ સ્વામી જૂથના પાંચ સંતો આત્મીય વિદ્યાધામ ખાતે રહેવા આવ્યા હતા. જેથી મામલો ગરમાયો હતો.

આત્મીય વિદ્યાધામ ખાતે પ્રેમસ્વામી જૂથના સંતોના રહેવા સામે પ્રબોધ સ્વામી જૂથના સંતોએ વિરોધ કરતા મામલો ગરમાયો હતો.

જેને લઈને પ્રેમ સ્વામી અને પ્રબોધ સ્વામી જૂથના હરિ ભક્તો વચ્ચે મામલો ઉગ્ર બને તેમ હોઈ પ્રબોધ સ્વામીનાં સેક્રેટરીએ પોલીસને જાણ કરી હતી. સંસ્થા દ્વારા પોલીસને લેખિતમાં ફરિયાદ કરાઈ હતી, જેથી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બંને જૂથના સંતો વચ્ચે સમાધાન માટે પ્રયાસો હાથ ધર્યા હતા.

## આમ આદમી પાર્ટીના મંત્રીના હિંદુ વિરોધી શપથ ગ્રહણનો વિડિયો વાયરલ થતા AAPમાં મોટું ગાબડું, ૧૫ પૂર્વ હોદ્દેદારો સહિત ૨૦૦ કાર્યકર્તાઓના કેસરિયા

- આમ આદમી પાર્ટીના મંત્રીના હિંદુ વિરોધી શપથ ગ્રહણનો વિડિયો વાયરલ થતા આમ આદમી પાર્ટીથી નારાજ છછઁના ૧૫ પૂર્વ હોદ્દેદારો સહિત ૨૦૦ કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા
- હજુ તો ચૂંટણીની તારીખ નક્કી થાય એ પહેલાં જ ગુજરાતમાં પક્ષ પલટાની મોસમ પણ શરૂ થઇ ગઇ છે. ત્યારે ચૂંટણી પહેલાં જામનગર AAPમાં મોટું ગાબડું પડ્યું છે.
- વિધાનસભાની ચૂંટણી પહેલાં જામનગર છછઁમાં ગાબડું
- ૧૫ જેટલાં AAPના પૂર્વ હોદ્દેદારો ભાજપમાં જોડાયા
- ૨૦૦ જેટલા કાર્યકતાઓ પણ વિધિવત રીતે જોડાયા
- ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં એક બાદ રાજકીય પક્ષમાં રાજીનામાનો દોર શરૂ થઇ ગયો છે. ક્યારેક AAPમાંથી કોઇ ભાજપમાં જોડાય છે તો કોઇ કોંગ્રેસમાં, તો ક્યારેક કોઇ કોંગ્રેસમાંથી ભાજપમાં કે છછઁમાં જોડાય છે તો ક્યારેક ભાજપમાંથી કોઇ છછઁમાં અથવા તો કોંગ્રેસમાં જોડાય છે. ત્યારે ગુજરાતમાં વધુ એક વખત ચૂંટણી પહેલા જામનગર છછઁમાં મોટું ગાબડું પડ્યું છે.



- રાજયમાં ચૂંટણીને હવે ઝાઝો સમય નથી રહ્યો ત્યારે એ પહેલાં જ જામનગર AAPમાં મોટું ગાબડું પડી ગયું છે. આમ આદમી પાર્ટીથી નારાજ AAPના ૧૫ જેટલા પૂર્વ હોદ્દેદારો અને ૨૦૦ જેટલાં કાર્યકર્તાઓએ આજે કેસરિયો ધારણ કરી લીધો છે.
- શહેરના અટલ ભવન ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ રમેશ મૂંગરા સહિત સંગઠનના સભ્યોએ કેસરિયો ખેસ પહેરાવીને છછઁના કાર્યકર્તાઓને ભાજપમાં આવકાર્યા છે. અટલ ભવન ખાતે જિલ્લા ભાજપ પ્રમુખની હાજરીમાં પૂર્વ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ વિધિવત રીતે ભગવો ખેસ ધારણ કરીને ભાજપમાં જોડાયા.

## ગુજરાત ગૌરવ યાત્રાનો શુભારંભ તારીખ ૧૨મી ઓક્ટોબર તેમજ ૧૩મી ઓક્ટોબરના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જેં.પી.નડ્ડાજીના વરદ હસ્તે તબક્કાવાર થશે




**ગૌરવ પુર્ણ વિકાસના કામોની માહિતી લઇ પાંચ યાત્રાઓ અલગ-અલગ જિલ્લાઓમાં પ્રવાસ થકી જનતાના આશિર્વાદ લેશે. – શ્રી પ્રદિપસિંહ વાઘેલા**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ગુજરાત પ્રદેશ મીડિયા સેન્ટર ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત ગુજરાત ગૌરવ યાત્રા અંગે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શનમાં નિકળશે. આ યાત્રા અંગે યાત્રાના ઇન્ચાર્જ અને પ્રદેશના ઉપાઘ્યક્ષશ્રી ગોરઘનભાઇ ઝડફીયા અને પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ પત્રકાર પરિષદને સંબોધન કર્યુ હતું.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા શ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે, ગુજરાતની જનતાએ ભાજપ સરકારને ગત ચૂંટણીમાં વિકાસ લક્ષી કાર્યો કરવા બદલ આશિર્વાદ આપ્યા હતા તે તમામ ગૌરવપુર્ણ વિકાસના કાર્યોની માહિતી ભાજપના કાર્યકરો ગૌરવ યાત્રા સ્વરૂપે જનતાને આપશે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં ગુજરાત સરકારે અનેક વિધ વિકાસલક્ષી કાર્યો કર્યા છે જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, રિવરફ્રન્ટ,૨૪ કલાક વિજળી, ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ સહિતના વિવિધ પ્રોજેકટોનું કામ ગુજરાતમાં થયું છે. આ યાત્રાઓ આગામી ૧૨મી ઓક્ટોબરથી શુભારંભ થશે. ગૌરવ પુર્ણ વિકાસના કામોની માહિતી લઇ પાંચ યાત્રાઓ અલગ-અલગ જિલ્લાઓમાં પ્રવાસ થકી જનતાના આશિર્વાદ લેશે. પ્રદેશના યશસ્વી અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ અને રાજયના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં યોજનાર આ યાત્રામાં કેન્દ્રીયમંત્રીશ્રીઓ શ્રી પરષોત્તમ રૂપાલા, શ્રી મનસુખભાઇ માંડવિયા ,શ્રી દેવુસિંહ ચૌહાણ, શ્રી દર્શનાબેન જરદોશ, શ્રી ડો. મહેન્દ્રભાઇ મુંજપરા જોડાશે.

શ્રી વાઘેલાજીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાત ગૌરવ યાત્રા ગુજરાતના અલગ- અલગ જિલ્લઓના વિઘાનસભા વિસ્તાર કવર કરશે. ગુજરાત ગૌરવ યાત્રા અંતર્ગત પ્રથમ યાત્રા ૧૨મી ઓક્ટોબર સવારે ૧૧-૦૦ કલાકે બહુચારજી માતાના મઢ થી પ્રારંભ થશે. ગુજરાત ગૌરવ યાત્રા ૯ જિલ્લાના ૩૩ વિઘાનસભા બેઠક પર ૯ દિવસમાં ૧૭૩૦ કિ.મીનો પ્રવાસ કરશે. આ યાત્રાનો સમાપન કચ્છ ખાતે માં આશાપુરાના આશિર્વાદ સાથે સંપન્ન થશે. ગુજરાત ગૌરવ યાત્રા અંતર્ગત બીજી યાત્રા દક્ષિણ ગુજરાતના ઉનાઇ ખાતેથી પ્રસ્થાન થનાર છે. ૧૩મી તારીખે આ યાત્રા ઉનાઇ માતાના મંદિરેથી બપોરે ૦૨ કલાકે પ્રસ્થાન થશે અને ઉનાઇથી ૧૩ જિલ્લામા ૩૫ વિઘાનસભામાં આશરે ૯૯૦ કિ.મી પરિભ્રમણ કરશે. આ યાત્રાનું ૫૩ જગ્યાએ સ્વાગત કરવામાં આવશે અને ૦૯ દિવસ આ યાત્રા ફાગવેલ ભાથીજી મહારાજના આશિર્વાદ લઇ સંપન્ન થશે. શ્રી વાઘેલાજીએ વધુમાં જણાવ્યું કે, ત્રીજી યાત્રા ઉનાઇથી શરૂઆત થઇ ભગવાન બિરસામુંડા આદિવાસી ગૌરવ યાત્રા સ્વરૂપે ૧૪ જિલ્લામાં ૩૧ વિઘાનસભામાં આશરે ૧૦૬૮ કિમી પ્રવાસ કરી ૨૮ સભા સાથે માં અંબાના આશિર્વાદ સાથે અંબાજી ખાતે સમાપન થશે. આ બંન્ને યાત્રા પુર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને દેશના ગૃહ તેમજ સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના નેતૃત્વમાં પ્રસ્થાન થશે.

આ કાર્યક્રમમાં યાત્રાના ઇન્ચાર્જ અને પ્રદેશ ઉપાઘ્યક્ષશ્રી ગોરઘનભાઇએ સૌરાષ્ટ્રની યાત્રા અંગે માહિતી આપતા જણાવ્યું કે, સૌરાષ્ટ્રમા ગુજરાત ગૌરવ યાત્રા અંતર્ગત બે યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પહેલી યાત્રા ૧૨ તારીખે દ્વારકાથી પોરબંદર નિકળશે આ યાત્રાનું પ્રસ્થાન રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી કરાવશે. આ યાત્રા ૨૧ વિઘાનસભા વિસ્તારમાં પરિભ્રમણ કરશે અને ૨૨ જેટલી જાહેરસભાનું આયોજન અને ૭૦ સ્થળો પર સ્વાગત કરવામાં આવશે તેમજ સાત દિવસમાં કુલ ૮૭૬ કિલોમીટર પ્રવાસ કરશે. જયારે બીજી યાત્રા ૧૩ ઓક્ટોબર સંત સવૈયાનાથજીના ધામ ઝાંઝરકાથી સોમનાથ સુધી યોજાશે. આ યાત્રાનું પ્રસ્થાન દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ કરાવશે. આ યાત્રા ૦૯ જિલ્લામાં ૨૪ વિઘાનસભામાં પ્રવાસ કરશે અને ૮૬ જગ્યાએ સ્વાગત કરવામાં આવશે તેમજ કુલ ૧૦૭૦ કિમીનો પ્રવાસ ૦૮ દિવસમાં આ યાત્રા કરશે.

આમ ગુજરાત ગૌરવ યાત્રા કુલ ૧૪૪ વિઘાનસભામાં પરિભ્રમણ કરશે, ૧૪૫ જેટલી જાહેર સભા યોજાશે તેમજ કુલ ૫૭૩૪ કિમી પરિભ્રમણ કરશે. આ સમગ્ર યાત્રામાં ગુજરાતના ભાજપના આગેવાનો,રાજયના મંત્રીશ્રીઓ તેમજ કેન્દ્રના મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશના સહ પ્રવકતાશ્રીઓ શ્રી કિશોરભાઇ મકવાણા, શ્રી ડો. રૂત્વીજભાઇ પટેલ, પ્રદેશ મીડિયાના સહ કન્વીનરશ્રી ઝુબિનભાઇ આસરા ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

## ૧૦ ઓક્ટોબર, "વિશ્વ માનસિક આરોગ્ય દિવસ"

**પહેલું સુખ તે જાતે નર્યા**
**યોગ ભગાડે રોગ**
**તંદુરસ્ત રહો, સલામત રહો.**

'વિશ્વ આરોગ્ય સંસ્થા' તેમજ 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય સંઘ'નાં સંયુક્ત ઉપક્રમે ૧૯૯૨ થી દર વર્ષે ૧૦-ઓક્ટોબરનાં દિવસને "વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે વિવિધ જનજાગૃતીનાં કાર્યક્રમો દ્વારા મગજ અને માનસિક રોગોને લગતી બાબતો અંગેનાં કાર્યક્રમો યોજવામાં આવે છે. આજે જયારે આપણે કોરોના જેવી મહામારીનો ભોગ બની રહ્યા છીએ ત્યારે સ્વાસ્થ્ય જાળવવું એ અતિ મહત્વનું કાર્ય થઈ ગયું છે. દેશમાં પહેલો કોવીડ કેસ આવ્યો એને બે વર્ષ જેવો સમય થઈ ગયો છે ત્યારે જો પ્રથમ લોકડાઉનની જાહેરાતને યાદ કરીએ તો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ પહેલી જ વાર લોકડાઉનની જાહેરાત કરતી વખતે કહ્યું હતું કે "જાન હૈ તો જહાન હૈ" ત્યારથી લઈને આજ સુધી અને હજુ ભવિષ્યમાં પણ સૌ કોઈએ પોતાના જીવનનું મહત્વ સમજી લીધુ છે. કોરોના મહામારીની ઘણી ગંભીર અસરો થઈ છે પરંતુ કેટલાક સારા પરિણામો જેવા કે પર્યાવરણની જાળવણી, લોકડાઉનમાં સૌ કોઈને પરિવાર સાથે માણવા મળેલો સમય તેમજ આપણો દેશ સ્વાસ્થ્ય ક્ષેત્રે જેટલી ઝડપથી આધુનિકતા તરફ વધ્યો હતો તેનાથી બમણી ઝડપે શરીરનું સંપૂર્ણ સ્વાસ્થ્ય જાળવવા માટે આપણે પ્રાચીન ભારતમાં સ્વાસ્થ્ય જાળવણી માટે વપરાતાં વિવિધ આયુર્વેદિક નુસખાઓ અપનાવવા માંડ્યા છીએ. કોરોના કાળ દરમિયાન શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે લોકોના માનસિક સ્વાસ્થ્ય પર પણ માઠી અસરો પડી હતી. શરીર અને મન એકબીજા સાથે સંકળાયેલા છે. જો શરીર સ્વસ્થ હશે તો મન સ્વસ્થ રહેશે. માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રાકૃતિક જીવન શૈલીનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે પ્રાચીન કાળથી ચાલી આવતી યોગ,પ્રાણાયામ કરવાની આપણી સંસ્કૃતિને જાળવતા રહીને આજે સમગ્ર દેશ કઈ રીતે સ્વસ્થ રહેવા માટે નવા નવા ઉપાયો પાછળ દોરાય રહ્યો છે ત્યારે એક વાત નોંધવા જેવી છે કે લોકો પાસે આ દિશામાં યોગ્ય માર્ગદર્શન કરી શકે એવા કોઈ શ્રેષ્ઠ માર્ગદર્શક ઉપલબ્ધ નથી અથવા ઉપલબ્ધ થાય છે તો લોકો તેમની પાસે જતા નથી.

મિત્રો, આડોશ-પાડોશ કે સગા સંબંધીઓ પાસેથી જે સલાહો મળે તે સમજ્યા વગર બેફામ ફોલો કરવામાં આવે છે જેનાથી એક યા બીજી તકલીફો સર્જાય છે માટે સ્વાસ્થ્યની બાબતમાં કોઈ પણ નિર્ણય પર વિશેષ માર્ગદશન મેળવ્યા બાદ જ આગળ વધવું જોઈએ. માનસિક શાંતિ વ્યક્તિ કેવા પ્રકારનો ખોરાક લે છે તેના પર પણ આધારિત હોય છે. વ્યક્તિ જયારે માંસાહાર કરે છે ત્યારે તેનાં શરીરમાં એસીડ વધારે ઉત્પન્ન થાય છે જેના કારણે શરીરમાં રોગ ઉત્પન્ન થતા હોય છે અને તેનાથી માનસિક શાંતિ હણાય છે. 'જેવું અન્ન એવું મન' એ બાબતને ધ્યાનમાં રાખીને હંમેશા શાકાહાર, શુદ્ધ આહાર અપનાવવું જોઈએ. આયુર્વેદ,યોગ,નેચરોપેથી,યુનાની,સિદ્ધા,હોમિયોપેથી, પંચગવ્ય ચિકિત્સા જેવી વિવિધ ચિકિત્સા પદ્ધતિઓને જાળવવા તેમજ એ દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે લોક જાગૃતિ લાવવાનાં હેતુથી સરકાર પણ આયુષ મંત્રાલય દ્વારા સ્વાસ્થ્ય જાળવણીની જુદી જુદી પદ્ધતિઓને લોકો સુધી પહોચાડવા અગ્રેસર છે. વર્તમાન સમયમાં મોબાઈલ, ઈન્ટરનેટનાં વધુ પડતા ઉપયોગથી પણ લોકોનું માનસિક સ્વાસ્થ્ય જોખમમાં આવ્યું છે. ખાસ કરીને નાના બાળકો મોબાઈલ અને સોશિયલ મીડિયામાં અટવાતા જાય છે અને રીયલ લાઈફ કરતા રીલ લાઈફમાં વધુ સંડોવાય ગયા છે ત્યારે તેમને પણ ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ, યોગ્ય દિશામાં કેવી રીતે કરવો તેની સમજ આપવી અત્યંત જરૂરી બની જાય છે.

વ્યક્તિ જો માનસિક રીતે સ્વસ્થ હશે તો તેના શરીરમાં પણ કોઈ રોગ પ્રવેશી નહિ શકે. હેલ્થ ઈઝ વેલ્થ.

- મિત્તલ ખેતાણી( મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.